પાના ૦૮ : કિંમત રૂ. ૩.૦૦
તા. ૦૮/૦૭/૨૦૨૩, શનિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યું. : વિક્રમ સંવત ૨૦૭૯ અષાઢ વદ-૬ વર્ષ : ૧૫ અંક : ૧૭૫

**સુવિચાર**

કર્મ એ યોગ છે, ધન એ સુયોગ છે. કર્મયોગીની માતા બનવામાં લક્ષ્મી ક્યારેય પાછી પાની કરતી નથી.

:: સૌજન્ય ::
નિલકંઠ જવેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭




## સતત પડતા વરસાદથી પ્રકૃતિ સોળે કળાએ ખિલી ઉઠતા પ્રકૃતિપ્રેમીઓ ઝૂમી ઉઠયા

# લાઠીની ગાગડીયો નદીનાં આકાશી દ્રશ્યો મનમોહક

**વરસાદથી ગાગડીયો નદીમાં પાણીની ભરપૂર આવક થતાં નદી પુનઃ જીવંત બની**

**લુવારીયાથી અકાળા સુધીનાં ૭ કિ.મી. વિસ્તારમાં પાણી છલોછલ ભરાયું**

**નદીને ઊંડી ઉતારવામાં પર્યાવરણપ્રેમી ઉદ્યોગપતિ અને સ્થાનિકોનો સિંહફાળો**

**નદીમાં પાણી ભરાવાથી અનેક ગામોની હજારો હેક્ટર ખેતીની જમીનની ફળદ્રુપતામાં વધારો**





તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

અમરેલી, તા. ૭

અમરેલી જિલ્લામાં છેલ્લા એક અઠવાડીયાથી સતત વરસતા વરસાદથી નદીઓ, ચેકડેમ, તળાવો અને મહાકાય જળાશયો પાણીથી છલોછલ થયા છે. તો નાના–મોટા વૃક્ષો પણ ખિલી ઉઠતા પ્રકૃતિ સોળે કળાએ ખિલી ઉઠતા પ્રકૃતિપ્રેમીઓમાં હૈયે ઠંડક પ્રસરી ગઈ છે અને સમગ્ર વાતાવરણ મનમોહક બની ગયું છે.

દરમિયાનમાં લાઠીની ગાગડીયા નદીમાં પણ સતત વરસાદથી નદી પુનઃ જીવંત બની છે. લુવારીયાથી અકાળા સુધીનાં ૭ કિ.મી.નાં પટ્ટમાં પાણી છલોછલ ભરાયું છે અને નદી, તળાવમાં ભરપૂર પાણીનાં કારણે આજુબાજુની હજારો હેકટર ખેતીની જમીનની ફળદ્રુપતા વધી જતાં ખેતપેદાશોનાં ઉત્પાદનમાં પણ વધારો થવાથી જગતાત ગણાતા ખેડૂતો પણ ખૂશ થયા છે.

જાણીતા ઉદ્યોગપતિ અને પર્યાવરણપ્રેમી અને ગામજનો ધ્વારા જળસંચયનાં થયેલ કામોની અસર હવે જોવા મળી રહી છે.

### અમરેલી નજીક આવેલ

# લાલાવદર ગામનાં યુવકને માતાએ મોબાઈલ લેવાની ના પાડતા ઝેરી દવા ગટગટાવી

**યુવકનું સારવાર દરમિયાન મોત નિપજતા અરેરાટી**

અમરેલી, તા. ૭

અમરેલી તાલુકાનાં લાલાવદર ગામે રહેતા સુનીલ મોહનસિંગ માનઠાકોર નામનાં ૨૦ વર્ષિય યુવકને મોબાઈલ ફોન લેવો હોય. તેમણે પોતાની માતા પાસે પૈસા માગતા જે પૈસા નહી આપતા યુવકને લાગી આવતા પોતે પોતાની મેળે ઝેરી દવા પી લેતા યુવકનું મોત નિપજયાનું અમરેલી તાલુકા પોલીસમાં જાહેર થવા પામેલ છે.

### ગારિયાધાર સહિતનાં વાહનચાલકોને વ્યાપક તકલીફ

# પરેશાની : લીલીયામોટા ખાતેથી દરરોજ મોટી સંખ્યામાં ટ્રેઈન પસાર થતી હોય અન્ડર બ્રિજ બનાવવો જરૂરી

**સરપંચ જીવનભાઈ વોરાએ સાંસદ કાછડીયાને પત્ર પાઠવી રજૂઆત કરી**




લીલીયા, તા. ૭

લીલીયાના સરપંચ જીવનભાઈ વોરા દ્વારા સાંસદ નારણભાઈ કાછડીયાને પત્ર પાઠવી કરાઈ રજૂઆત. જેમાં જણાવેલ કે રેલ્વે ક્રોસિંગનો ૪૧ પર લીલીયા સિવિલ હોસ્પિટલ તેમજ પીપળવા ગારિયાધાર જવાનો માર્ગ આવેલ હોય તેમજ રેલ્વે ક્રોસિંગનો ૪૨ પરથી ક્રાંકચ, ગારીયાધાર, સાવરકુંડલા જવા માટે હોય ત્યારે બન્નેની વચ્ચેથી જુનો રસ્તો ગામમાંથી સિવિલ હોસ્પિટલ જવાને રસ્તે અંડરબ્રિજ મંજૂર કરવા માટે સાંસદને પત્ર લીલીયાનાં સરપંચ જીવનભાઈ દ્વારા પાઠવવામાં આવેલ છે.




નંદભુવન સોસાયટી
ખુલ્લા પ્લોટોનું વેચાણ શરૂ કરેલ છે
સાઈટ : ચિતલ રોડ, ભાવકા ભવાની મંદિરથી પ્રતાપપરા જવાના રસ્તે
સુચિત "રીવરફ્રન્ટ પ્રોજેક્ટની સાવ નજીક"
તૈયાર કબ્જો
૯૦ વારથી વધુના પ્લોટો
ફકત ૨૩ પ્લોટનું વેચાણ કરવાનું છે
બુકીંગ માટે સંપર્ક
મો. ૮૩૫૫૮ ૪૯૧૯૩ ■ મો. ૯૮૨૦૦ ૨૮૦૦૪



### જાફરાબાદ નજીક આવેલ

# શિયાળબેટ ગામે વગર કારણે યુવકને લોખંડની ટી મારી હાથ ભાંગી નાખ્યો

### તે જ ગામે રહેતા ઈસમ સામે નોંધાઈ ફરિયાદ

અમરેલી, તા. ૭

જાફરાબાદ તાલુકાનાં શિયાળબેટ ગામે રહેતા પરબતભાઈ ઘેલાભાઈ શિયાળ નામનાં ૩૪ વર્ષિય યુવક પોતાના ઘર પાસે બેઠા હતા. ત્યારે તે જ ગામે રહેતા ખોડાભાઈ લાખાભાઈ શિયાળ નામનાં ઈસમે ત્યાં આવી આ યુવકને ગાળો આપી બોલાચાલી કરી લોખંડની ટી યુવકને કપાળનાં ભાગે મારી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ નોંધાઈ છે.

### આઈ.એફ.એફ.ડી.સી. દ્વારા

# અમરેલી ખાતે બે દિવસીય તાલીમનું આયોજન કરાયું

### એફ.પી.ઓ.નાં સીઈઓ અને ડાયરેકટર ઉપસ્થિત રહ્યાં



અમરેલી, તા. ૭

અમરેલી જિલ્લાના ૬ તાલુકાઓમાં ભારત સરકારની સેન્ટ્રલ સેકટર સ્કીમ અંતર્ગત સંસ્થા આઈ.એફ.એફ.ડી.સી. દ્વારા રાષ્ટ્રીય સહકારી વિકાસ નિગમ (એન.સી.ડી.સી) નાં નાણાકીય સહયોગથી ૬ એફ.પી.ઓ.ની રચના કરવામાં આવેલ છે. આ એફ.પી.ઓ.નાં ડાયરેકટર અને સી. ઈ.ઓ.નો બે દિવસીય તાલીમ કાર્યક્રમ ગાયત્રી મંદીર હાલ અમરેલી ખાતે તા. ૬ અને ૭ ના રોજ આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં ટ્રેનર તરીકે ભીમસી આહીર દ્વારા સેવા આપવામાં આવી હતી. તાલીમી કાર્યક્રમ દરમ્યાન ઈફકોના ક્ષેત્રિય અધિકારી પ્રતીક રામાણી દ્વારા નેનો યુરીઆ અને ડી.એ.પી. ના પ્રયોગની માહિતી આપવામાં આવેલ. તાલીમમાં ૬ એફ.પી.ઓ. નાં ૪૦ જેટલા ડાયરેકટર અને સી.ઈ.ઓ. ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા માટે આઈ.એફ.એફ.ડી.સી. નાં સંગીતા રાજપૂત, રાકેશ અમેટા, ધર્મેન્દ્ર સવિતા અને નિરવ રાજયગુરૂ દ્વારા ભારે જહેમત ઉઠાવાઈ હતી.

### ક્રિષ્ના શરાફી મંડળી દ્વારા કેસ દાખલ થતાં

# લીલીયામોટા કોર્ટે ચેક રીટર્ન કેસમાં બાકીદારોને ૬ માસની સજા ફટકારી

### એડવોકેટ કિશોરભાઈ પાઠકની દલીલો સફળ રહી



લીલીયા મોટા, તા. ૭

લીલીયા મોટા ક્રિષ્ના શરાફી અને કન્ઝયુમર્સ સહકારી મંડળીમાંથી ધિરાણ મેળવી હપ્તા નહીં ભરતા બાકીદાર (૧) રઘુભાઈ સુખાભાઈ કસોટીયા રે. ભોરીંગડા તા. લીલીયાવાળાનો ચેક રૂા. ૧,૦૪,૩૮૦ નો ધીરાણની રકમ તથા તે પર વ્યાજ ગણી આપેલ ચેક રીટર્ન થતાં લીલીયા ક્રિષ્ના શરાફી અને કન્ઝયુમર્સ સહકારી મંડળીનાં ચેરમેન હાર્દિક જે. દવે એ આ બાકીદાર સામે મંડળીનાં લીગલ એડવાઈઝર કિશોરભાઈ પાઠક મારફત લીલીયા કોર્ટમાં ફોજદારી ફરિયાદ કેસ નં. ૮૨૨/૨૦૨૨ નો દાખલ કરેલ છે અને કેસ ચાલી જતાં અદાલત દ્વારા રઘુભાઈ સુખાભાઈ કસોટીયા રહે. ભોરીંગડા તા. લીલીયાને (૬માસ)ની સજા કરવામાં આવેલ અને ચેકની રકમ ૧,૦૪,૩૮૦/– તથા તે પરનું વ્યાજ સંસ્થાને વળતર ચૂકવવા આદેશ કરેલ. તેમજ તેટલી જ રકમનો દંડ નામદાર કોર્ટમાં ભરવો અને દંડ ન ભરે તો વધુ એક માસની સજા ભોગવવા લીલીયાનાં પ્રિન્સીપાલ સિવિલ જજ અને જયુડિશ્યલ મેજીસ્ટ્રેટ દ્વારા હુકમ કરેલ છે. આમ આ હુકમ થતાં મંડળીનાં બાકીદારોમાં ફફડાટ વ્યાપી ગયેલ છે.

સદર કામના આરોપી હાલ ફરાર હોય જેથી આરોપીનું સજા વોરન્ટ એસ.પી. અમરેલીને મોકલી આપી સત્વરે ધરપકડ કરી જેલમાં બેસાડવાનો હુકમ કરેલ છે.

# અમરેલી લોહાણા મહાજન દ્વારા રવિવારે સરસ્વતી સન્માન સમારંભ યોજાશે



અમરેલી, તા. ૭

અમરેલી લોહાણા મહાજન વખતો–વખત સમાજ ઉપયોગી અનેકવિધ પ્રવૃતિઓ અને સેવાકીય કાર્યક્રમોનું આયોજન કરતું રહ છે.

આવી જ એક પ્રવૃતિ અન્વયે ગત શૈક્ષણિક વર્ષ દરમિયાન બાલમંદિરથી લઈ ઉચ્ચ શિક્ષણ કક્ષાએ સફળતા પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવાનાં હેતુથી આગામી ૯/૭/૨૦૨૩ ને રવિવારનાં રોજ માતુશ્રી અંબાબેન નરશીદાસ સોઢા લોહાણા મહાજન વાડી ખાતે સાંજે ૪:૩૦ કલાકે સરસ્વતી સન્માન સમારંભનું આયોજન કરેલ છે.

આ કાર્યક્રમમાં સમાજને વખતો–વખત ઉદારતાપૂર્વક દાન આપનાર દાતાઓનું સન્માન તેમજ વિવિધ સમાજ ઉપયોગી પ્રવૃતિમાં નિઃસ્વાર્થભાવે શ્રમસેવા આપનાર સ્વયંસેવકોનું પણ અભિવાદન કરવામાં આવનાર છે.

આ સમારંભ દરમિયાન રઘુવંશી સમાજની સમાજ ઉપયોગી બહુવિધ પ્રવૃતિઓને બહોળું મીડિયા કવરેજ પુરૂં પાડી મદદરૂપ થનાર પત્રકાર મિત્રોને પણ બિરદાવવામાં આવશે.

પ્રસ્તુત કાર્યક્રમમાં અતિથી વિશેષ આદરણીય ચંદ્રેશભાઈ નવીનચંદ્ર રવાણી તેમજ સમારંભનાં અધ્યક્ષ સ્થાને જ્ઞાતિરત્ન ડો. ભરતભાઈ કાનાબાર ઉપસ્થિત રહેનાર છે.

પ.પૂ. શ્રી ઉષામૈયા (કાનાતળાવ)નાં હસ્તે દિપ પ્રાગટય સંપન્ન કરી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવશે.

આ ઉપરાંત અમરેલી જિલ્લામાંથી સાવરકુંડલા, ગારીયાધાર, ચલાલા, લીલીયા, કુંકાવાવ વગેરે સ્થળેથી લોહાણા મહાજનનાં પદાધિકારીઓ વિશેષ ઉપસ્થિત રહેશે. એમ અમરેલી લોહાણા મહાજન ટ્રસ્ટનાં પ્રમુખ જીતુભાઈ સોમૈયા, ઉપપ્રમુખ ભાવેશભાઈ સોઢા અને સતીષભાઈ આડતીયા અને મહામંત્રી જગદીશભાઈ સેલાણીની સંયુકત યાદીમાં જણાવેલ છે.

### બાબરા નજીક આવેલ

# ઉંટવડ–કોટડાપીઠા ગામે કેફી પીણું વેચતા વેપારી સામે પોલીસ ફરિયાદ

### ગત તા. ૨૩/૮/૨૨ નાં રોજ પોલીસે નૂમના લઈ પૃથ્થકરણ માટે મોકલ્યા હતા

અમરેલી, તા. ૭

બાબરા તાલુકાનાં ઉંટવડ ગામે રહેતા અને પાન–બીડીની દુકાન ધરાવતા અમીનભાઈ ઓસમાનભાઈ રાઠોડ નામનાં ઈસમે તથા બાબરા તાલુકાનાં કોટડાપીઠા ગામે રહેતા અને પાનની દુકાન ધરાવતા સાગર પ્રવિણભાઈ ગજેરાએ પોત–પોતાની દુકાનમાં કેફીપીણું વાળા પ્રવાહી દુકાનમાં રાખી ગેરકાયદેસર વેચાણ કરતાં હોય. પોલીસે ગત તા. ૨૩/૮/૨૨ નાં રોજ નમૂના લઈ અને એફએસએલમાં પૃથ્થકરણ માટે મોકલતા તેમાં આલ્કોહોલનું પ્રમાણ હોવાનાં રીપોર્ટ આવતાં આ બન્ને ઈસમ સામે અલગ–અલગ ફરિયાદ નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

### પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનાં નિર્ણયને આવકાર

# ભૈ વાહ : આયુષ્યમાન કાર્ડમાં દર્દીઓને રૂપિયા ૧૦ લાખ સુધીની સારવાર મફત

### ભાજપ યુવા અગ્રણી રમેશભાઈ શિંગાળાનું તડને ફડ



અમરેલી, તા. ૭

ચૂંટણી ટાણે જ કોંગ્રેસ પડમા આવે છે અને ભાજપ પ્રત્યે જનમાનસમા ખોટી અફવાઓ અને આક્રોસ પેદા કરવાનું કામ કરે છે. તેમ જણાવી મા–અમૃતમ યોજના કાર્ડ તળે લોકોને મળતી રૂા.૫ લાખની તબીબી સારવારમા વધારો કરીને રૂા.૧૦ લાખ એટલે કે ડબલ રકમનો ડોઝ પ્રધાનમંત્રી મોદીએ જાહેર કરીને આગામી દિવસોમા તેની અમલવારી સુધીની કરવામા આવેલ ઘોષણાને બિરદાવી હતી. આ કાર્ડ તળે સમગ્ર દેશના કોઈપણ ખુણે સારવાર ઉપલબ્ધ બનશે.

કોંગ્રેસના પ્રધાનમંત્રી ખુદ કહેતા કે, દિલ્હીથી એક રૂપિયો મોકલું તો લાભાર્થીને પાંચીયું પહોંચતુ કારણ કે કોંગ્રેસના વચેટીયાઓ યોજનાનો લાભ મેળવી લેતા. જયારે ભાજપની સરકારે લાભાર્થીના સીધ્ધા જ બેંક ખાતામા જમા આપવાની પ્રક્રિયા કરીને તેનો સીધો લાભ આપ્યો છે. ભાજપ જનતાના કામો કરે છે. કોંગ્રેસના વેરણછેરણ નેતાઓ પ્રજાને માત્ર ચૂંટણી ટાણે ભડકાવવાનું જ કામ કરે છે. તેમ જણાવી કોંગ્રેસ અને કોંગ્રેસીઓથી સાવધ રહેવા જણાવેલ.

અત્રે એ ઉલ્લેખનીય છે કે, પ્રોપર્ટી કાર્ડ મેળવવા જનતાને પડતી મુશ્કેલી બાબતે રમેશ શિંગાળા ખુદ અરજદાર બનીને રાજય સરકારને ટપારતા રાજય સરકારે આ બાબતને સેવાસેતુમાં આવરી સમસ્યાનું નિરાકરણ લાવી આપેલ. જે બાબત પણ અત્રે નોંધનીય છે.

# બગસરા : જેસિઝ ગૃપ દ્વારા ૧૪ જુલાઈનાં રોજ નેત્ર યજ્ઞ યોજાશે

બગસરા, તા. ૭

જેસિઝ ગ્રુપ બગસરા સંચાલિત શા. માણેકચંદ મુલચંદ સા. ટ્રસ્ટ આંખની હોસ્પિટલ ખાતે તા. ૧૪/૭/૨૩ને શુક્રવારના રોજ સ્વ. ડો. પ્રકાશભાઈ રમણીકભાઈ ત્રિવેદી, સ્વ. રંજનબેન પ્રકાશભાઈ, સ્વ. જગદિશભાઈ રમણીકભાઈ ત્રિવેદી, સ્વ. પ્રફુલાબેન રાજુભાઈ ત્રિવેદીના સ્મણાર્થે રાજુભાઈ ત્રિવેદીના સૌજન્યથી ૫૭૬મો વિનામુલ્યે નેત્ર નિદાન કેમ્પ શ્રી રણછોડદાસજી બાપુ ચેરિટેબલ ટ્રસ્ટ રાજકોટના સહકારથી રાખવામા આવેલ છે. આ કેમ્પમા મોતિયાના ઓપરેશનની જરૂરીયાતવાળા દર્દીઓને વિનામુલ્યે આપરેશન કરી નેત્રમણી બેસાડી દેવામા આવશે.

ઓપરેશન માટે જનાર તમામ દર્દીઓની જમવાની વ્યવસ્થા કાયમી દાતા ગૌરાંગભાઈ ચુડાસમા પરિવાર તરફથી કરવામા આવશે.

કેમ્પમા ભાગ લેવા ઈચ્છતા દર્દીઓએ પોતાના આધારકાર્ડની નકલ સાથે રાખી કેમ્પના દિવસે સવારે ૯ કલાકે હાજર રહેવા પ્રમુખ પ્રકાશભાઈ રાણીગાની યાદીમાં જણાવેલ છે.

# સાવરકુંડલા : સ્વામીનારાયણ ગુરૂકુળ ખાતે નેત્ર કેમ્પ યોજાયો



સાવરકુંડલા, તા. ૭

સ્વામીનારાયણ ગુરૂકુળ –સાવરકુંડલા ખાતે દર મહિનાના પ્રથમ શુક્રવારે જરૂરીયાતમંદ લોકો માટે ફ્રી નેત્ર કેમ્પનું આયોજન કરવામાં આવે છે. આ કેમ્પમાં આંખને લગતા રોગોથી પીડાતા દર્દીઓ લાભ લે છે. આ કેમ્પમાં દર માસે સેંકડો દર્દીઓ લાભ લે છે. આ કેમ્પમાં દર્દીઓ માટે ગરમ નાસ્તાની પણ વ્યવસ્થા કરવામાં આવે છે. તે અંતર્ગત તા. ૭/૭/૨૦૨૩, શુક્રવારે ૩૧૭ માં ફ્રી નેત્ર કેમ્પનું ભવ્ય આયોજન કરવામાં આવેલ.

જેમાં આશરે ૧૩૭ જેટલા આંખના રોગના દર્દીઓએ લાભ લીધો હતો. કેમ્પની શરૂઆતમાં પ્રથમ દર્દીઓએ નામ નોંધાવવાનું હોય છે. જેમાં નામ નોંધાવેલા દર્દીને ટોકન આપવામાં આવે છે અને ક્રમાનુસાર દરેક દર્દીની તપાસ કરવામાં આવે છે. ત્યારબાદ મોતિયા ઓપરેશનની જરૂરિયાતવાળા દર્દીઓને શિવાનંદ હોસ્પિટલ–વિરનગર ખાતે સ્પે. બસ દ્વારા મુકામે લઈ જવામાં આવે છે અને ત્યાં તેનું વિનામૂલ્યે ઓપરેશન કરી તેઓને પરત સાવરકુંડલા મૂકી જવામાં આવશે. આ કેમ્પમાં કુલ ૨૦ દર્દીઓને મોતિયાના ઓપરેશન માટે લઈ જવામાં આવેલ છે. સ્વામીનારાયણ ગુરૂકુળના શાસ્ત્રી ભગવતપ્રસાદદાસજીની પ્રેરણાથી આ ફ્રી નેત્ર કેમ્પ વર્ષોથી કરવામાં આવી રહેલ છે. જે જરૂરીયાતવાળા દર્દીઓ માટે ખરેખર આશીર્વાદ સમાન છે.

### પ્રદેશ કોંગ્રેસના પ્રવકતા મનહર પટેલ કહે છે

# સાંસદ પદ ગયુ, રહેણાંક મકાન ગયુ એવા ફક્કડ રાહુલ ગાંધી આજની રાજનીતિના કબીર છે

### ફક્કડ રાહુલ ગાંધીથી નરેન્દ્ર મોદી અને અમિત શાહ ભયભીત



અમદાવાદ, તા. ૭

એકવીસમી સદીના ભારતની રાજનીતિના કબીર રાહુલ ગાંધી છે, નિડર છે, નિર્ભય છે અને સત્યના રસ્તે ચાલે છે તે વ્યકિત સત્યના વિશ્વાસને હાથમાં લઈને ઉભા થયા છે અને એવી ફાંસીવાદી સત્તાનો મુકાબલો કરી રહયા છે જેને દેશમાં પ્રેમ અને સૌહાર્દ તોડવાનું કામ કર્યુ છે, જેને ભારતના પ્રતિમાન મુલ્યોને તોડવાનું કામ કર્યુ છે. પરંતુ દેશનું સાર્વભૌમત્વને અખંડ અને નફરતને દેશવટો આપવા મહોબ્બતની દુકાન ખોલવાની વાત કરી રહયા છે. આવા ગંભીર પડકારોને હિંમતથી ઉઠાવતા રાહુલ ગાંધીની બનતી લોકપ્રિય છબીને તોડવા ભાજપા એક પછી એક કારસ્તાનો અજમાવી રહી છે અને તે તમામ નાકામીયાબ બની રહયા છે.

દેશના પ્રધાનમંત્રીને રાહુલ ગાંધી સવાલ કરે છે અદાણી સાથે તમારો સંબંધ શું ? વિદેશથી આવેલા ૨૦,૦૦૦ કરોડ રૂપિયા કોના છે ? ગભરાયેલ, ડરેલ, બોખલાયેલ મોદી સરકાર પાસે આ જવાબ આપવાની હિંમત નથી.

દેશ અને દુનિયા કહેતી થઈ છે કે ભાજપાએ ૨૦૨૩ના એક ફકકડ વ્યકિત સાથે બાથ ભીડવાની ભૂલ કરી છે, ૪૦૦૦ કિ.મી.ની પદયાત્રા બાદ રાહુલ ગાંધીએ દેશની રાજનીતિના નવો પ્રતિમાન સ્થાપ્યો છે અને સમગ્ર વિશ્વમાં એક ફકકડ અને કબીર નેતા તરીકે રાહુલ ગાંધી ઉપસી રહયા છે અને જે અમેરીકા–બ્રિટનમાં રાહુલ ગાંધીએ સાબિત કરી દીધુ કે ટેલીપ્રોમ્ટર વગર સારુ બોલાય છે અને સવાલના જવાબ આપી શકાય છે.

રાહુલ ગાંધી ઉપર ગમે તેટલા હુમલા થાય પરંતુ તે ફકકડ કબીર છે, તે વધુ નિર્ભયતા સાથે દેશની જનતા સાથે ઉભા રહેશે અને દેશ બચાવવા નિરંતર લાગેલા રહેશે. તેમ અંતમાં જણાવેલ છે.

# અમરેલીનાં યુવકને મોબાઈલ ફોન પરથી ધમકી અપાઈ

અમરેલી, તા. ૭

અમરેલીનાં સોમનાથ મંદિર પાસે રહેતા અને પશુપાલનનો વ્યવસાય કરતાં ભરતભાઈ વાઘાભાઈ ત્રાડ નામનાં ૨૦ વર્ષિય યુવકે સોશ્યલ મીડિયામાં ભગવાન શ્રી રામનો વિડીયો અપલોડ થયેલ તેમાં કોઈએ કોમેન્ટ થયેલ હોય. જેથી આ યુવકે ભગવાન વિશે કોમેન્ટ નહી કરવાનું જણાવતાં આરોપીએ મોબાઈલ નં. ૭૭૭૮૯ ૨૨૦૨૩ વાળ ાએ યુવકને ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ નોંધાતા બનાવ અંગે સીટી પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# બગસરામાં કિરાણાનાં વેપારીએ જુમ્મા મસ્જિદને બે દુકાન અર્પણ કરી



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરામાં છેલ્લા ૭૦ વર્ષથી કિરાણાનાં વેપારી વિનોદભાઈ ચત્રભુજભાઈ કટારાએ હિંદુ મુસ્લિમ એકતાનો નવો ચીલ્લો પાડયો હતો. પોતાની પાસે બગસરાના જામકાનાં જાપા પાસે આવેલ બે વિશાળ દુકાન છેલ્લા ૭૦ વર્ષથી પોતાના પાસે જુમ્મા મસ્જિદની દુકાન ભાડે હતી. જેનો કબજો તેની પાસે હોય જેથી કોઈપણ જાતની પૈસાની આશા રાખ્યા વગર આ બંને દુકાનોની ચાવી જુમ્મા મસ્જિદના ટ્રસ્ટીઓને જુમ્મા મસ્જિદ માટે ભેટ સ્વરૂપે આપી હતી અને હિન્દુ મુસ્લિમની એકતા અને ભાઈચારાનો નવો ચીલ્લો બહાર પાડયો હતો. સમગ્ર બગસરામાં કે સમગ્ર અમરેલી જિલ્લામાં નહીં પરંતુ સમગ્ર ગુજરાતમાં નવી દિશા ચીધી હતી. આ બાબતે જુમ્મા મસ્જિદના ટ્રસ્ટીઓ દ્વારા નક્કી કરવામાં આવ્યું હતું કે વિનુભાઈ અટારાનું ભવ્યથી ભવ્ય સન્માન કરવું છે તેમજ વિનુભાઈ અટારા દ્વારા તેમને કહેવાનું હતું કે મારે મુસ્લિમ સમાજના ધર્મગુરૂ નિઝામ બાપુને ચાવી સોંપવી છે. આ તકે મુસ્લિમ સમાજના ધર્મગુરૂ અમરેલીથી નિઝામ બાપુ પધાર્યા હતા અને વિનુભાઈ અટારા પુષ્પહાર તથા સાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. નિઝામ બાપુ દ્વારા વિનુભાઈ અટારાનું સન્માન કરી ધન્યતા તથા લાગણી અનુભવી હતી અને તેમણે કહ્યું હતું કે હું જયાં પણ જઈશ ત્યાં આ બગસરાનો દાખલો આપીશ કે બગસરામાં પણ આવા માણસો છે. બગસરામાં લોહાણા સમાજના વિનુભાઈ અટારા કે કોઈ અપેક્ષા વગર મસ્જિદ માટે બંને દુકાનની ચાવી અર્પણ કરી હતી. ત્યારબાદ જુમ્મા મસ્જિદના ટ્રસ્ટીઓ તથા મુસ્લિમ સમાજના આગેવાનો દ્વારા વિનુભાઈ અટારાનું તમામ આગેવાનો દ્વારા ફુલહાર તથા શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું અને બગસરામાં આ ભલે નાનો કાર્યક્રમ હોય પરંતુ સમગ્ર ગુજરાતમાં હિન્દુ–મુસ્લિમની મીશાલ બની રહે તેઓ કાર્યક્રમ થયો હતો.આ કાર્યક્રમમાં યશવંતભાઈ સોમાણી તથા ગિરધરભાઈ સોલંકી હાજર રહ્યા હતા અને જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. આ તકે બગસરા મુસ્લિમ સમાજના પ્રમુખ રજાકભાઈ કાળવાતર હાજર રહ્યા હતા. ગફારભાઈ બિલખીયાએ આ કાર્યક્રમનું આયોજન કરેલ હતું.

### નાયબ દંડક કૌશિક વેકરિયાની ઉપસ્થિતિમાં

# વડિયા સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે રોગી કલ્યાણ સમિતિની બેઠક યોજાઇ

## આરોગ્ય કેન્દ્રમાં સર્જનની નિમણુંક કરાશે

વડિયા, તા. ૭

વડિયા સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે રોગી કલ્યાણ સમિતિની મીટીંગ મળેલ જેમાં ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા તથા પ્રાંત અધિકારી પુજાબેન હાજર રહ્યા હતા.

જેમાં દર્દીઓને હિત માટેના નિર્ણયો લેવામાં આવ્યા તથા દર્દીઓને સારી સુવિધા પૂરી પડે તે માટેની ચર્ચા કરવામાં આવી હતી. આજે વડીયા સામે આરોગ્ય કેન્દ્ર ખાતે ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા અને બગસરા વડીયાના પ્રાંત અધિકારી પૂજાબેનના અધ્યક્ષસ્થાને રોગી કલ્યાણ સમિતિની મીટીંગ યોજાઈ હતી. જેમાં વડિયા સરકારી હોસ્પિટલ ખાતે દર્દીઓને સારી અને ઉત્તમ સુવિધાઓ મળી રહે તે અંગેની ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમમાં વડિયા નાયબ મામલતદાર મહેશભાઈ પટોળીયા, બગસરા નાયબ મામલતદાર પ્રશાંતભાઈ ભીડી અધિક્ષક ડો.એમ.સી. ગજેરા, ડોકટર પ્રતીક ડોડીયા, ડોકટર પ્રતાપ જાંબુચા, સરકારી હોસ્પિટલના કલાર્ક જયેશભાઈ સાવલિયા, વિપુલભાઈ ધોરાજીયા સહિતના હોસ્પિટલના સ્ટાફ



ઉપસ્થિત રહ્યો હતો તેમજ વડીયા ભાજપના કાર્યકર્તાઓ પણ આ મિટિંગમાં ઉપસ્થિત રહ્યા હતા.

જીલ્લા પંચાયત પ્રમુખ પ્રતિનિધિ જલ્પેશભાઈ મોવલીયા જીલ્લા, પંચાયત સભ્ય વિપુલભાઈ રાંક, તાલુકા ભાજપ પ્રમુખ ગોપાલભાઈ, તાલુકા પંચાયતના દંડક તુષારભાઈ ગણાત્રા, ગ્રામ પંચાયતના સદસ્ય ઈન્દુબેન દાફડા, ચેતનભાઈ દાફડા, જિલ્લા કારોબારી સદસ્ય તુષારભાઈ વેગડ સહિતના આગેવાનો પણ ઉપસ્થિત રહ્યા હતા.

વડિયા ખાતે મિટિંગ દરમિયાન વડિયા સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે સર્જનની જગ્યા ખાલી છે તે ભરવા માટે ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયાને રજુઆત કરવામાં આવી હતી ત્યારે આ અંગે તાત્કાલિક ધોરણે કૌશિકભાઈ વેકરીયાએ પોતાના અંગત મદદનીશ ગાંધીનગર ખાતે ફોન કરી વડિયા સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે સર્જનની જગ્યા ખાલી છે તે નિમણૂંક કરવા માટે સુચના આપી હતી. વધુમાં ડાયાલિસિસ સેન્ટર ખાતે સારા અને અનુભવી ટેકનિશ્યનની નીમણુંક કરવા માટે રજુઆત કરવામાં આવી હતી.

# મહુવા-બાંદ્રા પેસેન્જર ટ્રેનને દામનગરમાં સ્ટોપ આપવા માંગ



દામનગર, તા. ૭

ગુજરાત યાત્રાધામ બોર્ડમાં સમાવેશ થયેલ સ્વયંમ પ્રગટ શ્રી ભુરખિયા હનુમાનજી દાદાના (તાલુકો–લાઠી) દર્શન માટે કાયમ હજારોની સંખ્યામાં આવતા દર્શનાર્થીઓમાં સુરત, નવસારી, વલસાડ અને મુંબઈ અને દક્ષિણ ભારતમાંથી વધુ ભુરખિયાદાદામાં અતૂટ શ્રદ્ધા ધરાવતા શ્રધ્ધાળુઓની સંખ્યા હોય છે. તેઓ ટ્રેન મારફત આવે છે તેઓને ઢસા જંકશન અથવા તો લીલીયા ઉતરવું પડે છે જેને કારણે ત્યાંથી ખાનગી વાહનો ભાડે કરીને આવે છે. તો તેઓને ઊંચું ભાડું મોંઘુ પડે છે જયારે દામનગરથી ભુરખિયા ફકત ૬ કી.મી.ના અંતરે આવેલ છે. છેલ્લી બે ટર્મથી ચૂંટાતા ભા.જ.પ.ના સાંસદને ખોબલે–ખોબલે મત આપવામાં આવે છે છતાં પણ દામનગર અને આજુબાજુના વિશથી વધુ ગામના લોકોને સુરત–મુંબઈ સુધી જવામાં આ ટ્રેનનો લાભ અપાવવામાં નિષ્ફળ ગયા છે. અમરેલીમાં રાષ્ટ્રિય કક્ષાનાં નેતાઓમાં જેઓનું નામ છે એવા પૂર્વ સાંસદ અને સહકારી ક્ષેત્રના શિરોમણી દિલીપભાઈ સંઘાણી અને વર્તમાન રાજયસભાના સાંસદ પરસોતમભાઈ રૂપાલાને દામનગર પંથકના લોકો સાથે અજોડ નાતો છે અને શ્રી ભુરખિયા હનુમાનજી દાદાના દર્શને અવાર–નવાર આવે છે. આ બાબતે આ ટ્રેનને દામનગરમાં સ્ટોપ અપાવવા ગુજરાત સરકારમાં નાયબ દંડક, અમરેલીના ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયાને દામનગરથી અતુલ શુકલે એક પત્ર પાઠવી મહુવા–બાંદ્રા ટ્રેનને દામનગરમાં સ્ટોપ અપાવવા માટે કેન્દ્રના રેલ્વે પ્રધાન, રેલ્વેના જવાબદાર અધિકારીઓ અને સબંધિત અધિકારીઓ સમક્ષ આ માંગને રજૂ કરી આગામી ૨૦૨૪ની લોકસભાની ચૂંટણી પહેલા દામનગર અને આજુબાજુના ગામોના અંદાજે ૬૦ હજારથી વધુ લોકોને અને મુંબઈ તરફથી આવતા લોકોને લાભ આ ટ્રેનને સ્ટોપ અપાવી લાભ મળતો થઈ જાય એવી અપેક્ષા સાથે નક્કર કાર્યવાહી કરાવવા રજુઆત કરેલ છે.

### પોલીસ અધિક્ષક હિમકરસિંહ દ્વારા સ્ટાર પહેરાવામાં આવ્યો

# નાગેશ્રી પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા યુનુસભાઇ ગોરીને એએસઆઇમાંથી પીએસઆઇનું પ્રમોશન

## મિત્રો, શુભેચ્છકો દ્વારા શુભકામના પાઠવવામાં આવી

જાફરાબાદ, તા. ૭

નાગેશ્રી પોલીસ સ્ટેશનમાં એ.એસ.આઈ. તરીકે ફરજ બજાવતા યુનુસભાઈ રાજેભાઈ ગોરીને પી.એસ.આઈ.નું પ્રમોશન મળતા તેમના મિત્ર વર્તુળમાં જબ્બરો ખુશીનો ઉત્સાહ છવાયો તેમજ જયાં તેઓએ ફરજ બજાવતા ત્યાં પણ ખુશીનો માહોલ છવાયો તેઓએ તેમની ફરજ દરમિયાન જાંબાઝ ભરી કામગીરી કરવામાં આવી હોય યુનુસભાઈ હંમેશા ફરજને પ્રાથમિકતા તથા જનતા અને પોલીસ વચ્ચે મૈત્રીપૂર્ણ માહોલ બનાવી શાંતિ અને સલામતી સ્થાપતા નિષ્ઠાપૂર્વક કામગીરી ચોમેર પ્રશંસાને પાત્ર બની છે.

જનતા અને પોલીસ એક સૂત્રતા હેઠળ બાંધીને પોતાની ફરજ બજાવી ચૂકેલા યુનુસભાઈ રાજેભાઈ ગોરીને પીએસઆઈનું પ્રમોશન મળતા અમરેલી પોલીસ અધિક્ષક એસ.પી. હિંમકરસિંહ દ્વારા સ્ટાર પહેરાવી પીએસઆઈનો હોદ્દો આપી સન્માન કરવામાં આવ્યું હતું. હાલમાં તેઓની પીએસઆઈ તરીકે અમરેલી આર.ટી.



તસ્વીર : ભરત બારૈયા–જાફરાબાદ

શાખામાં પોલીસ સબ ઈન્સ્પેકટર તરીકે ફરજ બજાવે છે.

યુનુસભાઈ ગોરીને જાફરાબાદ સિટીઝન ફોરમ ઓન હ્યુમન રાઈટ્સના નેશનલ ચેરમેન તથા સ્ટ્રીટ ન્યુઝના પત્રકાર એચ.એમ. ઘોરી દ્વારા તેઓને અઢળક શુભેચ્છાઓ પાઠવી છે તથા સાગરખેડૂ વિકાસ ચેરીટેબલ ટ્રસ્ટ પ્રમુખ તથા પત્રકાર ક્રાઈમ ન્યૂઝ કિશોરભાઈ આર. સોલંકી દ્વારા તેઓને હાર્દિક શુભકામનાઓ પાઠવી છે.

### સંગઠન અને આગામી ચૂંટણીને અનુલક્ષીને

# અમરેલી જિલ્લા કોંગ્રેસ કાર્યાલય ખાતે રવિવારે રામકિશન ઓઝાનાં અધ્યક્ષસ્થાને બેઠક યોજાશે

## જિલ્લાભરનાં કાર્યકરો અને આગેવાનો ઉપસ્થિત રહેશે

અમરેલી, તા. ૭

એઆઈસીસીનાં સચિવ અને કોંગ્રેસ પક્ષનાં સૌરાષ્ટ્ર ઝોનનાં પ્રભારી રામકિશન ઓઝા અમરેલી જિલ્લાનાં પ્રવાસે તા. ૯/૭/૨૩ને રવિવારનાં રોજ પધારી રહ્યા છે.

રામકિશન ઓઝાના અધ્યક્ષ સ્થાને અમરેલી જિલ્લાનાં કોંગ્રેસ અગ્રણીઓની એક અગત્યની મીટીંગ તા. ૯/૭/૨૩ને રવિવારનાં રોજ સવારે ૧૦ કલાકે જિલ્લા કોંગ્રેસ કાર્યાલય, જૂના માર્કેટયાર્ડની અંદર, અમરેલી ખાતે યોજાયેલ છે.

આ મીટીંગમાં પૂર્વ ધારાસભ્યો, અમરેલી જિલ્લા કોંગ્રેસ સમિતિનાં હોદેદારો, તાલુકા/શહેર સમિતિનાં હોદેદારો, ચૂંટાયેલ કે ચૂંટણી લડેલા જીલ્લા પંચાયત ઉમેદવારો/ તાલુકા પંચાયત ઉમેદવારો/ નગરપાલિકા ઉમેદવારો તથા યુવક કોંગ્રેસ, મહિલા કોંગ્રેસ, એનએસયુઆઈ, ઓબીસી સેલ, સેવાદળ, એસસી સેલ, શિક્ષક સેલ, લઘુમતી સેલ સહિતનાં તમામ સેલ ફ્રન્ટલનાં આગેવાનો અને જિલ્લાનાં તમામ કોંગ્રેસ અગ્રણીઓ તથા કાર્યકરોને ઉપસ્થિત રહેવા અમરેલી જિલ્લા કોંગ્રેસ સમિતિનાં મહામંત્રી જનકભાઈ પંડયા ધ્વારા નિમંત્રણ પાઠવવામાં આવેલ છે.

### અનુબંધમ વેબ પોર્ટલનાં માધ્યમથી

# અમરેલી ખાતે ૧૧ જુલાઈએ રોજગાર કચેરી દ્વારા ભરતી મેળો યોજાશે

## ધો. ૧૦ અને ૧૨ પાસ ઉમેદવારોને લાભ મળશે

અમરેલી તા. ૭

અમરેલી જિલ્લા રોજગાર કચેરી દ્વારા નિયમિત રીતે અનુબંધમ વેબ પોર્ટલના માધ્યમથી ભરતી મેળાનું આયોજન કરવામાં આવે છે. ભાવનગરના ખાનગી ક્ષેત્રના એકમ એઈમ લીમીટેડ બેંક માટે ૧૮ થી ૩૫ વર્ષની વય મર્યાદા ધરાવતા હોય અને ખાલી જગ્યાઓને અનુરૂપ ધો.૧૦ અને ધો.૧૨ પાસની શૈક્ષણિક લાયકાત ધરાવનારા ઉમેદવારો અરજી કરી શકે છે. ભરતીમેળાનું આયોજન આગામી તા. ૧૧ જુલાઈ ૨૦૨૩ને મંગળવારના રોજ સવારે ૧૧ વાગ્યે જિલ્લા રોજગાર કચેરી, બહુમાળી ભવન, સી–બ્લોક, પ્રથમ માળ , અમરેલી ખાતે કરવામાં આવ્યું છે. અનુબંધમ વેબ પોર્ટલના માધ્યમથી ભરતી મેળો યોજાશે. આ ભરતી મેળામાં ભાગ લેનાર રોજગાર ઈચ્છુકોએ ઉપસ્થિત રહેવું. આ ઉપરાંત અનુબંધમ પોર્ટલ http://anubandhan.gujarat.gov.in/account/signup પર આધાર કાર્ડ, શૈક્ષણિક લાયકાતના દસ્તાવેજો સાથે જોબ સીકર તરીકે નોંધણી કરાવવી ફરજિયાત છે.

નોંધણી થયા બાદ પોર્ટલ પર લોગ ઈન કરીને પોર્ટલ પર જોબફેરના મેનુમાં કિલક કરી જરૂરી વિગત ભર્યા બાદ જોબફેરમાં ભાગ લઈ શકશે. વધુ માહિતી અને માર્ગદર્શન માટે કચેરી સમય દરમિયાન જિલ્લા રોજગાર વિનિમય કચેરી, અમરેલીના કોલ સેન્ટર નંબર ૬૩૫૭૩ ૯૦૩૯૦ પર સંપર્ક કરવા જિલ્લા રોજગાર અધિકારીએ એક યાદીમાં જણાવ્યું છે.

### સિવિલ અધિક્ષકના અધ્યક્ષસ્થાને સમારોહ યોજાયો

# બાબરાની સિવિલ હોસ્પિટલમાં એમ્બ્યુલન્સમાં ફરજ બનાવતા કર્મચારી વયમર્યાદાથી નિવૃત્ત થયા

## વિદાય સમારોહમાં તબીબો અને સ્ટાફ ઉપસ્થિત રહ્યો

અમરેલી, તા. ૭

એડીશનલ સિવિલ અને જયુડી.મેજી. ફર્સ્ટ કલાસ ધારીની કોર્ટમાં ચાલતા ફોજદારી કેસનાં આરોપી વિજયભાઈ લવજીભાઈ વાઘેલા ઉપર ધી ગુજરાત નશાબંધી સુધારા વટ હુકમ ૨૦૧૬ પ્રોહીબીશન એકટ કલમ ૮૫ મુજબના તહોમતનું ચાર્જશીટ ધારી પો. સ્ટેશન દ્વારા તારીખ ૨૩/૬/૨૦૧૭ ના રોજ કરવામાં આવેલ.

જેમાં આ કામના આરોપી પોતાના ઘરે દારૂ પી ને ગાળો બોલી દંગલ કરતી હાલતમાં મળી આવેલ જે કેસમાં ફરિયાદી પક્ષે સાહેદોની



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

જુબાની તથા એપીપી બી.કે. ચૌધરીની દલીલોના આધારે ધારી કોર્ટના જજ એ.આર. બોરીચા દ્વારા આરોપીને ૬ માસની સાદી કેદની સજા તથા રૂપિયા ૧૦૦૦ દંડ ફટકારી સમાજમાં દાખલો બેસે તેવો ઠરાવ તારીખ ૧૭/૦૯/૨૦૨૧ ના રોજ આપેલ છે.




























# વિચારશકિત તેના નિયમો ને પ્રેરક બળો

## વિચાર શકિત (THOUGHT POWER)

લેખક : બ્રહ્મલીન શ્રી સ્વામી શિવાનંદ સરસ્વતી

### ૪. તીવ્ર ઈચ્છા દ્વારા વધતું સંકલ્પબળ

શુદ્ધ સંકલ્પ જ શકિતશાળી આધ્યાત્મિક બળ છે. જયારે તે કાર્ય કરવા માંડે ત્યારે બધી માનસિકશકિતઓ જેમ કે સારાસાર, વિવેકશકિત, યાદશકિત, ગ્રહણશકિત, વાતચીત કરવાની શકિત, તર્કશકિત–આ બધી શકિતઓ એકદમ તીવ્ર બને છે.ઈચ્છા કે સંકલ્પ એ જ સર્વ માનસિક શકિતઓનો સ્ત્રોત છે, જયારે તેને શુદ્ધ અને શકિતશાળી બનાવવામાં આવે ત્યારે વિચારને સંકલ્પ દ્વારા અદ્‌ભૂત કાર્યો થઈ શકે. અશ્લિલ ગ્રામ્ય વિકારો, મોજશોખ ને વાસના, ઈચ્છાઓની ગુલામી વગેરેથી સંકલ્પશકિતમાં કુંઠિત થઈ જાય છે. જયારે વીર્યશકિત, સ્નાયુબળ, ક્રોધ વગેરે સર્વનું સંકલ્પશકિતમાં રૂપાંતર થાય ત્યારે તેઓ સહેલાઈથી કાબૂમાં રાખી શકાય છે.

પ્રબળ ઈચ્છાશકિતવાળા માણસને માટે આ દુનિયામાં કંઈ પણ અસંભવિત નથી. તમને કોફી પીવાનું જૂનું વ્યસન હોય તે તમે છોડી દો તો તે બતાવે છે કે તમે અમુક અંશે સ્વાદેન્દ્રિય પર વિજય મેળવ્યો છે. એક વાસનાનો નાશ કર્યો છે અને તે પ્રત્યેની તમારી દોડ ઓછી કરી છે. આ ઉપરાંત, હવે તમારે કોફી મેળવવા માટે પ્રયાસ કરવા પડશે નહિ. અને તમે તેની ટેવમાંથી પણ મુકત થયો છો તેથી થોડે અંશે શાંતિ પણ મળશે. આથી તમારી જે શકિત આજ સુધી કોફી મેળવવાની ચિંતા ને ધમાલમાં ખરચાતી હતી. અને તમારા મનને અશાંત કરવી હતી. તેનું હવે રૂપાંતર થઈ ઈચ્છાશકિત બની જશે.

આમ, એક ઈચ્છા પર વિજય મેળવો તો તમારી સંકલ્પશકિત પંદરગણી વધારે બળવાન બનશે. આ ઉપરાંત, આ વધેલી શકિત તમને બીજી ઈચ્છાઓ કાબૂ મેળવવાને પણ શકિતશાળી બનાવશે.

મનની શાંતિ, સ્વચ્છતા, આનંદી સ્વભાવ, આંતરિક બળ, મુશ્કેલ કાર્ય કરવાની તાકાત, બધાં કાર્યોમાં સફળતા, લોકો પર પડતી છાપ, આકર્ષક ભવ્ય વ્યકિતત્વ, ચહેરા પર દિવ્ય પ્રકાશ, ચમકતી આંખો, સ્થિર દ્રષ્ટિ, બુલંદ અવાજ, પ્રભાવશાળી ચાલ, અણનમ પ્રકૃતિ, અભય વગેરે ચિહ્નો જણાવે છે કે, આ મનુષ્યની સંકલ્પશકિત વધતી જાય છે.

### ૫. સ્પષ્ટ વિચારસરણી માટે સાદાં સૂચનો

સામાન્ય મનુષ્યનાં મનમાં ઉઠતી છાપ ઝાંખી ને વિકૃત હોય છે. ઉંડો વિચાર શું એ તે જાણતો જ નથી. તેનાં વિચાર તદ્દન અવ્યવસ્થિત હોય છે. કોઈ કોઈ વાર તેના મનમા ખૂબ જ ધમાલ હોય છે.માત્ર વિચારકો, તત્વજ્ઞો અને યોગીઓનાં વિચારો સુસ્પષ્ટ ને સુરેખ છાપવાળાં હોય છે. યોગીઓ તેમને સ્પષ્ટ રીતે વાંચી શકે છે. જેઓ ધ્યાન ને એકાગ્રતાની સાધના કરે છે. તેઓની માનસિક આકૃતિઓ સુરેખને ઉંડી છાપવાળી હોય છે.આપણા ઘણાખરા વિચારો સ્થિર હોતા નથી.

તેઓ મનમાં આવે છે તે તરત જ ચાલ્યા જાય છે. આથી તેઓ ઝાંખા ને અચોક્કસ હોય છે. તેમની છાપ પણ સ્પષ્ટ ઉંડીને સુરેખ હોતી નથી. માટે જ તમારે તેમને સતત, સ્પષ્ટ ને ઉંડા મનનથી મજબૂત બનાવવા જોઈએ. વિચાર, નિદિધ્યાસન, મનન ને ધ્યાન દ્વારા વિચારોને સ્થિર ને ચોક્કસ રૂપ આપવું જોઈએ. ત્યારે જ સનાતન તત્વ અંતરમાં ઉતરી શકે.

સત્ય વિચાર, તર્કશકિત, અંતરદ્રષ્ટિ દ્વારા આપણે વિચારોને સ્વચ્છ પારદર્શક બનાવવા જોઈએ. ત્યારે જ તેમાંનો ગોટાળો નાશ પામે ને વિચારો દ્રઢ ને સ્થિર બને. સ્પષ્ટ વિચાર કરો. વારંવાર અંતરદ્રષ્ટિ કરી તેમને શુદ્ધ બનાવો. એકાંતમાં મનન કરો ને વિચારોને શુદ્ધ કરો, શાંત કરો.મનનો ઉભરો શાંત કરો. એક વિચારનું મોજું ઉત્પન્ન થાય તેને શાંત થવા દો. ત્યાર પછી જ બીજા વિચારને મનમાં પ્રવેશવા દો. વર્તમાન કાળમાં જે કાર્ય તમારા હાથમાં છે તેની સાથે સંબંધ ન ધરાવતા હોય તેવા બહારનાં વિચારોને હાંકી કાઢો.

### ૬. ગાઢ મૌલિક વિચારસરણી માટે સાધના

યોગ્ય ને સત્ય વિચાર શું એ ઘણાખરાખે ખબર હોતી જ નથી. તેઓનાં વિચાર છીછરા હોય છે. જૂજ લોકો જ ગાઢ ઉંડા વિચારો કરી શકે છે. આ દુનિયામાં વિચારકોની સંખ્યા ઘણી ઓછી હોય છે.

ઉંડા વિચાર માટે સાધનાની જરૂર છે. મનને શુદ્ધ બનાવવાને માટે અસંખ્ય જન્મોની જરૂર પડે છે ત્યારે જ તે ગાઢ ને યોગ્ય ચિંતન કરી શકે. વેદાન્તીની વિચારસરણી સત્ય, મૌલિક ને સરળ છે. વેદાન્તી સાધના(મનન, ધ્યાન, વગેરે) માટે સૂક્ષ્મ બુદ્ધિની જરૂર પડે છે. સતત મનન, ચિંતન, સ્પષ્ટ નિદિધ્યાસન, વસ્તુ તેમજ પરિસ્થિતિનાં મૂળમાં જતું મૌલિક ચિંતન, બધી વસ્તુઓને આવરી લેતું વિશાળ ચિંતન એ વેદાંતી સાધનાનું હાર્દ છે.

જયારે કોઈ સુંદર, ઉન્નત કે પ્રેરક વિચાર તમે ગ્રહણ કરો ત્યારે તમારા જૂના વિચારને તજવો જ પડે. પછી ભલે ને તમે ગમે તેટલો મજબૂત ને સ્થિર હોય ! તમારા ચિંતનથી નિષ્પન્ન થતાં પરિણામને જીરવવાની તમારામાં હિંમત કે તાકાત ન હોય. તે તમે તેટલાં હિતકારક હોય છતાં તમે તેને ગ્રહણ કરી શકો તેમ ન હો, તો તમારે તત્વજ્ઞાનની માથાકૂટમાં પડવું નહિ. તમારે માટે ભકિતમાર્ગ સારો છે.

# નિબંધ : મારો આદર્શ

મારો આદર્શ હંમેશાથી મારા પિતા જ રહયા છે. તેઓ આઠમાં નવમાં ભણતા ત્યારથી જ તેમનું સ્વપ્ન હતુ કે, તેઓ ''ઈન્ડિયન એરફોર્સ''માં જાય. મારા પપ્પાએ દસમુ પાસ કરી અગિયારમાં ધોરણથી સાયન્સ લીધુ, પરંતુ તેઓ નાપાસ થયા. તે પછી, તે વખતમાં ઈન્ડિયન આર્મીની ભરતી હતી. તો મારા પપ્પાએ તેનું ફોર્મ ભર્યુ. ઘરેથી મારા પપને આર્મીમાં જવાની હા હતી, સિવાય મારા ''બા''ની.

મારા બા એ મારા પપ્પાને ના પાડી, પરંતુ બાકી ઘરજનોએ મારા પિતાને આર્મીમાં જવાની હા પાડી. મારા પપ્પા તો આર્મીની ટ્રેનિંગ માટે ભોપાલ ચાલ્યા ગયા. તેઓને બાર મહિનાની ટ્રેનિંગ હતી. નવ મહિના થયા ટ્રેનિંગને, પછી દસ–પંદર દિવસની ઘરે જવાની રજાઓ હતી. જવાનો સમય થયો ત્યાં તો મારા બા એ ફરી મારા પપ્પાને ના પાડી દીધી. બહુ કડકાઈથી મારા પપ્પાને ના પાડી. આજ વખતે મારા પપ્પાને માનવું જ પડયું. મારા પિતાનું એરફોર્સ અને આર્મીમાં જવાનું સ્વપ્ન અધુરુ જ રહી ગયું. પછી તો તેમણે ઘણા કોર્ષ કર્યા. મારું આમ તો સ્વપ્ન પાયલોટ બનવાનું છે. સાથે મારે દેશની રક્ષા પણ કરવી છે. એક દિવસ મેં મારા પપ્પાને કહયું કે મારે પાયલોટ બનવું છે તે દિવસે મારા પપ્પાએ કહયું કે ''તું ઈન્ડિયન એરફોર્સમાં જા.'' મેં આનુ કારણ પૂછયું તો તેમણે પહેલાની બધી વાતો કરી, તે દિવસથી જ મારુ સ્વપ્ન એરફોર્સમાં જવાનું છે અને મારા આદર્શ મારા પિતા જ છે.

હું મારા પિતાનું સ્વપ્ન પુરુ કરવા માંગુ છું. મારે સાથે દેશભકિત પણ કરવી છે. હું ફાયર પાયલોટ બનીશ. મેં આની પ્રેરણા મારા પિતા પાસેથી જ લીધી છે. મને મારા પિતાએ જ સાચો માર્ગ બતાવ્યો છે.

– ગોરાખીયા નિકુંજ ભરતભાઈ (ધોરણ–૮, રૂપાયતન પ્રા. સ્કૂલ, અમરેલી.)

# આપેલ ચિત્રમાં મનગમતાં રંગો પૂરો



# પૂ. ડોંગરેજ મહારાજની અમૃતવાણી



**શ્રીમદ્ ભાગવત મહાત્મ્ય**

૫૧.પાપી જ પ્રેત બને છે.

૫૨. ગયાજીમાં જે પિતૃશ્રાદ્ધ કરશે, તેના પિતૃઓને મુકિત મળશે.

૫૩. પરમાત્માની સેવા કરવા એકબીજાનો સાથ મળ્યો છે તેમ માની પતિપત્ની વર્તે તો સુખી થાય.

૫૪. વાસનાનો નાશ કરો, આસકિતનો ત્યાગ કરો.

૫૫. શાસ્ત્રમાં કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર અને અવિદ્યાને સાત ગાંઠ બતાવી છે. આ સાત ગાંઠોમાં જીવ બંધાયેલો છે, તેમાંથી તેને છોડવાનો છે.

૫૬. ધીરે ધીરે સ્વભાવને સુધારજો. સ્વભાવ સુધરે ત્યારે ભકિત સિદ્ધ થાય છે.

૫૭. શ્રવણ, મનન, નિદિધ્યાસથી જ્ઞાન દ્રઢ થાય છે.

૫૮. કથા સાંભળી મનન કરી જીવનમાં ઉતારો.

૫૯. સત્કાર્યને તુરત કરવું અને કદાપિ મુલત્વી રાખવું નહીં.

૬૦. જગતને કામદ્રષ્ટિથી, ભોગદ્રષ્ટિથી ન જુઓ. દોષદ્રષ્ટિ હોય, ત્યાં સુધી દેવદ્રષ્ટિ થતી નથી.

# જ્ઞાનમંજરી

**ગુજરાતમાં સૌથી મોટું**

(૬) ગુજરાતમાં સૌથી મોટી ઔદ્યોગિક વસાહત કઈ છે ?
– અંકલેશ્વર(જિ. ભરૂચ)

(૭) ગુજરાતમાં સૌથી મોટી ઔદ્યોગિક સંસ્થાઓ કઈ છે ?
– રિલાયન્સ, નિરમા.

(૮) ગુજરાતમાં સૌથી મોટી સહકારી ડેરી કઈ છે ?
– અમુલ ડેરી, આણંદ

(૯) ગુજરાતમાં સૌથી મોટી નદી કઈ છે ?
– નર્મદા

(૧૦) ગુજરાતમાં સૌથી મોટી યુનિવર્સિટી કઈ છે ?
– ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ

(૧૧) ગુજરાતમાં સૌથી મોટી હોસ્પિટલ કઈ છે ?
– સિવિલ હોસ્પિટલ, અમદાવાદ

(૧૨) ગુજરાતમાં સૌથી મોટું ખેત–ઉત્પાદન બજાર કયું છે ?
– ઉંજા (જિ. મહેસાણા)

(૧૩) ગુજરાતમાં સૌથી મોટું બંદર કયું છે ?
– કંડલા(જિ. કચ્છ)

(૧૪) ગુજરાતમાં સૌથી મોટું રેલવે સ્ટેશન કયું છે ?
– અમદાવાદ

(૧૫) ગુજરાતમાં સૌથી મોટું વિમાન મથક કયું છે ?
– અમદાવાદ

# હસવાની મનાઇ છે : જોકસ

(એક દર્દી દવાખાને ગયો. ત્યાં લખ્યું હતું, ડો. રાજેશ મહેતા ડી.વી.ડી.)
દર્દી : સર, ડો. રાજેશ મહેતા તો બરાબર પણ આ ડી.વી.ડી. એટલે શું ?
ડોકટર : પહેલા ૨૦૦ રૂપિયા આપો.
દર્દી : હવે તો કહો, ડી.વી.ડી. એટલે શું ?
ડોકટર : ડિગ્રી વગરના ડોકટર

કનુ : મનુ, કાલે રાત્રે મેં એક સુંદર સપનું જોયું.
મનુ : મને કહે તો ખરા.
કનુ : પણ તું મારી સાથે તો હતો.

શિક્ષક (પ્રિયંકાને) : આપણા દેશનો મૃત્યુદર કેટલો છે ?
પ્રિયંકા : ૧૦૦ ટકા સાહેબ.
શિક્ષક : એ કેવી રીતે ?
પ્રિયંકા : આપણા દેશમાં જેટલા લોકો જન્મે છે, એ બધા મરે પણ છેને !

મમ્મી : ચિન્ટુ, માખી અને મચ્છરમાં શું ફરક છે ?
શુભમ : ટીચર, માખી દર્દીની તપાસ કરે છે અને મચ્છર સીધુ ઈન્જેકશન આપે છે.

પપ્પા : સોનુ, તે ચિંટુને પથ્થર કેમ માર્યો ?
સોનુ : પપ્પા, પહેલા તો પથ્થર ચિંટુએ મને માર્યો હતો. પછી તે રડવા લાગ્યો. મને લાગ્યું કે તેને પથ્થર પાછો જોઇએ છે.

ત્રણ છોકરાઓ...
પ્રથમ છોકરો : મારા પપ્પા એટલી ફાસ્ટ ગાડી ચલાવે કે ૫ મીનીટમાં ૧૫ કિ.મી. અંતર કાપે.
બીજો છોકરો : મારા પપ્પા એટલી ફાસ્ટ ગાડી ચલાવે કે ૧૦ મીનીટમાં ૩૫ કિ.મી. અંતર કાપે.
ત્રીજો છોકરો : મારા પપ્પા એટલી ફાસ્ટ ગાડી ચલાવે કે સીધ્ધા હોસ્પિટલમાં જ પહોંચી જાય.

# ઝળહળ ઝાકળ

લેખક : પ્રો. ડો. મહેન્દ્ર છત્રારા

## સામુદાયિક કૌંચવધ– છે કયાંય વાલ્મીકિ ?

ગાયની આંખમાંથી નીતરતી કરુણા જોઈ છે ? શિકાર થતાં પક્ષીબાળનાં મરણ–ચિત્કારથી હૃદયકંપ અનુભવ્યો છે ? કપાતા વૃક્ષને જોઈ અરેરાટી થઈ છે ?–જીવમાત્ર પ્રત્યે અનુકંપાનો ભાવ જાગે, ત્યારે રામ, કૃષ્ણ, બુદ્ધ, મહાવીર, જીસસ, ગાંધીજીનો પુનર્જન્મ થાય છે. પ્રત્યેક અત્યાચારીનાં હૃદયમાં આ તત્વ ઉંડે ઉંડે ધરબાયેલું પડયું જ હોય છે. કોઈ દિવ્ય ક્ષણે તે જાગૃત થાય અને ક્ષણ–ઝબકારે ‘જાગી’ જાય, તો વાલિયા લૂંટારામાંથી વાલ્મીકિનું સર્જન થાય ! ક્રૌંચપક્ષીની હત્યાના આઘાતે જન્મેલો શોક શ્લોક બની પ્રગટયો અને રામાયણનો જન્મ થયો !

# રાણી લક્ષ્મીબાઈ

– શશિ શર્મા



**ભાગ– ૨૬**

જયારે રાણી લક્ષ્મીબાઈએ આ બધું જોયું ત્યારે એમને બહુ દુઃખ થયું. એમણે સેના અને નગરવાસીઓની દરેક રીતે મદદ કરી. ભૂખ્યા અને બેસહારા લોકોને ભોજન, કપડાં વગેરે આપ્યાં. જેમનાં ઘર સળગી ગયાં હતાં, એમને રહેવાની જગ્યા આપી. તે લોકોમાં ચારેતરફ ઉત્સાહ ફેલાવતાં હતાં.

બંને તરફથી ભયંકર ગોળાબારી થઈ રહી હતી. રાણીની ફોજમાં લોકોને ન તો ખાવાપીવાનું ભાન હતું, ન ઉંઘવાનું કે આરામ કરવાનું. રાણી પોતે ફરીફરીને યુદ્ધનું સંચાલન કરતાં હતાં. સૈનિકોની જરૂરિયાતોનું ધ્યાન રાખતાં હતાં. લોકોમાં જુસ્સો પ્રેરતા હતાં. તોપ બનાવવાનું કારખાનું શહેરમાં જ હતું, એટલે તોપોને જેવી હાનિ પહોંચતી કે તરત એમની મરામત કરવામાં આવતી હતી. હ્યુરોજ માટે ઝાંસીનો કિલ્લો જીતવો બહુ મુશ્કેલ થઈ રહ્યું હતું. એ રાણીની બહાદુરી અને ફોજનું સંચાલન જોઈને દંગ રહી ગયો હતો. પણ એવામાં એક બનાવ બન્યો. પીરબખ્શ અંગ્રેજોમાં ભળી ગયો. એ કિલ્લાની અંદરનાં સમાચાર અંગ્રેજોને પહોંચાડતો હતો. હ્યુરોજે પીરબખ્શને લાલચ આપી હતી કે જો એ કિલ્લાનું એક ફાટક ખોલાવી દે, તો મોટું ઈનામ મળશે. પીરબખ્શ રાજી થઈ ગયો. એણે ઓરછા ફાટક પર સજજ દુલ્હાજુને પોતાની સાથે ભેળવી દીધો અને તકની રાહ જોવા લાગ્યો.

આ તરફ તાત્યા ટોપેને રાણીનો સંદેશો મળી ચૂકયો હતો. એ કાલપીથી સૈનિકોની એક ટુકડી લઈને ઝાંસી તરફ આગળ વધતાં હતા, ત્યાં જ ઝાંસીથી સાત–આઠ કિલોમીટર દૂર હ્યુરોજ સાથે એમનો સામનો થયો. યુદ્ધના એક દિવસ પહેલાં રાતનાં સમયે હ્યુરોજે પોતાની સેનાને ગુપ્ત રીતે અલગ અલગ સ્થાનોએ મોકલી દીધી હતી. આથી જયારે તાત્યા ટોપેની સેના આગળ વધી, ત્યારે એના પર જમણી બાજુથી કપ્તાન લાઈટફૂટની સેના અને ડાબી બાજુથી હ્યુરોજની તોપોએ હુમલો કર્યો. આ આક્રમણથી તાત્યા ટોપેની ફોજ ગભરાઈને આમતેમ ભાગવા લાગી. આ સેનાની બે માઈલ પાછળ ફોજનો થોડો ભાગ સંતાયેલો હતો. કોઈ જાણભેદુએ હ્યુરોજને આ સમાચાર આપી દીધા. બસ, તરત જ એણે કપ્તાન લાઈટફૂટને સેના અને તોપો લઈને એ તરફ મોકલી દીધો. અંગ્રેજ સેનાને પોતાની તરફ આવતી જોઈ તાત્યા ટોપેનાં સૈનિકોએ જંગલમાં આગ લગાડી દીધી. પણ અંગ્રેજ સેના બેતવા નદીનાં કિનારા સુધી પહોંચી ગઈ હતી. બંને સેનાઓમાં ભયંકર યુદ્ધ થવા લાગ્યું. તાત્યા ટોપેની ફોજ અંગ્રેજસેનાનો મુકાબલો કરી ના શકી અને પોતાની તોપો વગેરે મૂકીને ત્યાંથી ભાગી ગઈ. સેનામાં પરસ્પર ફાટફૂટ અને વિશ્વાસઘાતનાં કારણે તાત્યા ટોપેને ભારે પરાજય વેઠવો પડયો.

# મેં કરેલો પ્રવાસ...

મેં ૨૦૧૬માં મારા પરિવાર અને મારા પપ્પાના મિત્રોના પરિવાર સાથે કરેલ રાજયમાં ફરવા ગયા હતા. તારીખ ૧૦/૯/૨૦૧૬ ના દિવસે અમે અહીંથી રવાના થયા. અમે રવાના થવાના પહેલા અમે ઘણી તૈયારીઓ કરી હતી. અમે અમારી સાથે ખાખરા, મેગી, બિસ્કીટ, ચેવડા જેવો નાસ્તો લઈ ગયા હતા.

અમે મુંબઈથી કોચીન માટે પ્લેનમાં બેઠા હતા. જયારે અમે પ્લેનમાં બેઠા હતા ત્યારે મને ખુબ રોમાંચિત લાગ્યું હતુ. કારણ કે, હું ખુબ નાનો અને થોડોક સમજદાર હતો. અમે બધા પહેલી વાર પ્લેનમાં બેઠા હતા. જયારે અમે પ્લેનમાં બેઠા હતા ત્યારે મારી સાથે એક ઘટના ઘટી હતી. ચારે બાજુથી પ્લેનનો અવાજ આવતો હતો. મારા કાનમાં ધાક પડી ગયો. મને કાનમાં ખુબ દર્દ થવા લાગ્યું. અમે પ્લેનમાંથી ઉતર્યા ત્યારે મને ડોકટર પાસે લઈ ગયા અને મને દવા આપી. હું તે રાત શાંતિથી સૂઈ શકયો ન હતો. બીજા દિવસે અમે ત્યાંના 'વન્ડરલા' નામના વોટરપાર્કમાં ગયા ત્યાં અમે ખુબ આનંદ કર્યો. સવારના ૧૦ વાગ્યાથી સાંજના ૫ વાગ્યા સુધી અમે ત્યાં રહયા અને બપોરનું જમવાનું ત્યાં જ કર્યુ હતુ.

અમને ત્યાંના લોકોની ભાષા સમજવામાં ખુબ તકલીફ પડી, પણ અમારી સાથે એક ટ્રાન્સલેટર હતા. જેમને અમને ખુબ મદદ કરી. અમે એક વોલ્વો બસ દ્વારા આખા રાજયમાં ફરતા હતા. અમે ત્યાં ઘણા વિદેશી લોકો જોયા. અમે નવા ઘણા કેરલીયન મિત્રો બનાવ્યા. અમે ત્યાંના પ્રાણી સંગ્રાહાલયમાં પણ ગયા હતા.

અમને ઘણી વખત તકલીફો પડી. અમારા સાથીઓ માંથી ઘણા માંદા પડયા. અમને ત્યાં જમવામાં ઘણી અગવડો પડી. અમે શાકાહારી હતા પરંતુ ત્યાં માંસાહાર જ મળતુ હતુ. અમે ઘરેથી લઈ ગયેલ નાસ્તા અને મેગી બનાવી ખાતા.

એક વખત અમે હોટલના રૂમમાં ખાવાનું ઈલેકટ્રીક સગડી વડે બનાવતા હતા. ત્યાં પાવરનો લોડ વધી જતા આખા હોટલની લાઈટ ચાલી ગઈ હતી. થોડીક વાર પછી લાઈટ આવી અને હોટલના મેનેજર અમારા રૂમમાં આવ્યા અને અમને લોકોને ખીજાયા.

આવી ઘટનાઓથી અમારો પ્રવાસ ખુબ યાદગાર બની ગયો હતો. અમે કેરેલાના કુદરતી સૌંદર્યથી મંત્રમુગ્ધ થઈ ગયા હતા. અમે કેરેલાના સૌંદર્યથી ત્યાં જ ખોવાઈ ગયા હતા. તેથી જ કેરેલાને ઈશ્વરનું ઘર કહેવાય છે.

અમે લોકોએ ત્યાં ખુબ આનંદ કર્યો. તારીખ ૧૭/૯/૨૦૧૬ ના રોજ પ્લેન દ્વારા અમે પરત ફર્યા. ભગવાનના ઘરેથી અમે અમારા ઘરે ફર્યા. આ વખતે મને કોઈ તકલીફ ન પડી. આ મારો યાદગાર પ્રવાસ બની રહયો.

– સિધ્ધપુરા રૂદ્ર મનિષભાઈ (ધોરણ–૯, દીપક હાઈસ્કૂલ, અમરેલી)

# આ મારું ચિત્ર છે



વાઘેલા મનીષા વિપુલભાઈ
(ધો.૭, પાણિયા પ્રા.શાળા,તા.જિ. અમરેલી.)



શિરોયા આયુષી ઘનશ્યામભાઈ
(ધો.૭, રૂપાયતન પ્રા.શાળા, અમરેલી.)



હુદડ ભાર્ગવી વનરાજભાઈ
(ધો.૮–પાણિયા પ્રા.શાળા, તા.જિ. અમરેલી.)




કુકવાવા રૂચિતા બાવચંદભાઈ
(ધો.૮, પાણિયા, પ્રા.શાળા, તા.જિ. અમરેલી)

# અમરેલીનાં વેણીવદર ખાતે વડી ડેમનાં નીંચાણવાળા વિસ્તારમાં સફાઇ કામગીરી શરૂ






અમરેલી વેણીવદર મુકામે વડી ડેમ નીચાણવાળા વિસ્તારમાં ડ્રેઈનેજ સંબંધિત પ્રશ્ન લોકદરબારમાં રજૂ કરવામાં આવ્યો હતો. આ પ્રશ્નના સમાધાન માટે મશીન દ્વારા સાફ સફાઈ થાય તેવી માંગણી નાગરિકો દ્વારા કરવામાં આવી હતી. આજરોજ આ સ્થળે વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરિયાએ સ્થળ તપાસ કરી હતી અને ડ્રેઈનેજ સફાઈ કામગીરીનું નિરિક્ષણ કર્યુ હતુ. અહીં વડી ડેમમાં પાણી ભરાઈ જવાથી રહેણાક વિસ્તારના મકાનોમાં આ બાબતે પ્રશ્નો હતા. ગ્રામજનોએ આ બાબતે ઘટતું થઈ શકે તે માટે સરકાર પાસે મશીન ફાળવવા માંગ કરી હતી. તેથી આ કામગીરી શરૂ કરવામાં આવી હતી. નાયબ મુખ્ય દંડક વેકરિયાએ સ્થળ પર જ સંબંધિત અધિકારીઓ, ગ્રામજનો સાથે વડી ડેમ વિષયક, ઠેબી ડેમમાં પાણી ભરાઈ જવાથી થતાં રસ્તા અને જમીન ડૂબના પ્રશ્નોને લઈને પણ વિસ્તૃત ચર્ચા કરી હતી. કૌશિકભાઈ વેકરિયાએ ચોમાસામાં સંચાલિત વાયરલેસ ઓપરેટિંગ સિસ્ટમ વિષયક માહિતી પણ પ્રાપ્ત કરી હતી.

### ઓનલાઈન સિસ્ટમ અનુકુલનથી

## અમરેલી પાલિકા વ્યવસાય વેરા બાબતે વેપારીઓનો વિચાર કરે

### કોંગી અગ્રણી નારણભાઈ મકવાણાની રજૂઆત

અમરેલી, તા. ૭

અમરેલી નગરપાલિકા દ્વારા વ્યવસાય વેરાનું હાલ ઓનલાઈન સિસ્ટમથી નાણા ઉઘરાવવાનું ચાલુ છે તે ખરેખર નાના માણસો માટે ખૂબ જ જટિલ પ્રક્રિયા છે. ઓનલાઈન પ્રક્રિયા ૮૦ ટકા લોકોને નાના માણસોને વાપરતા આવડતું નથી.

કદાચ વાપરતા આવડતું હોય તો પણ ઓછું ભણેલા લોકોને વેરો અને ઘર વેરો, વ્યવસાય વેરો મ્યુનિસિપાલિટીની એપ્લિકેશન ડાઉનલોડ કરેલી હોતી નથી. જેથી અનેક લોકો પોતાના પૈસા ભરવા માટે આમથી આમ આંટાફેરા કરે છે તેમ છતાં તંત્રને એના પાછળ કોઈ પણ કાંઈ સાંભળતું નથી. બીજી વાત મહત્વની કે વ્યવસાય વેરો જે છે તે લોકોને દુકાન ચાલુ હોય કે બંધ તેને જાણ કોઈ કરતું નથી અને ૧૦ ૧૦ વર્ષના વેરા એક સાથે વ્યવસાય વેરા જે વસુલે છે એ ખરેખર તે ખુબજ અઘરું છે અને જે રજૂઆત છે તે પણ અમારી તટસ્થ છે અને જો આ બાબતે તંત્ર દ્વારા સુધારો કરવામાં નહીં આવે તો આગામી દિવસોમાં જિલ્લા કોંગ્રેસના મહામંત્રી અને પૂર્વ ઓબીસીના પ્રમુખ નારાયણભાઈ મકવાણા તેમને ગાંધી ચિંધ્યા માર્ગે જરૂર પડશે તો આંદોલન ના માર્ગ ના છૂટકે અપનાવવો પડશે.

પાના ૮ ઉપરનું ચાલું **અમરેલીમાં જુગાર રમતાં**

સરફરાજભાઈ હનીફભાઈ નગરીયા, તોફિકભાઈ રહીમભાઈ કચરા, હુસેનભાઈ ઉર્ફે ગટો હબીબભાઈ કાલવા તથા તનવીર ઉર્ફે કબુતર અર્મીનભાઈ બિલખીયા રહે. તમામ અમરેલીવાળાને રોકડ રકમ રૂા. ૨૪૨૦૦ તથા ગંજીપત્તાના પાના, મોબાઈલ ફોન રૂા. ૪૨૦૦૦ મળી કુલ રૂા. ૬૬,૨૦૦ના મુદ્દામાલ સાથે પકડી પાડી ધોરણસર કાર્યવાહી કરેલ છે.

## અવસાન નોંધ

**સાવરકુંડલા :** વાંઝા દરજી યાજ્ઞિક અશ્વિનભાઈ જાદવ (ઉ.વ. ૧૯) તે મનીષભાઈ અને મુકેશભાઈના ભત્રીજાનું તા. ૬ ને ગુરૂવારનાં રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા. ૮ શનિવારનાં રોજ સાંજના ૪ થી ૬ શ્રી વાંઝા જ્ઞાતિની વાડી, પોસ્ટ ઓફિસ રોડ, સાવરકુંડલા ખાતે રાખેલ છે.

### ઐતિહાસિક મંદિરે ધાર્મિક માહોલ ઉભો થયો

## લીલીયા : અંટાળીયા મહાદેવ મંદિરે આસ્થાભેર ગુરૂપૂર્ણિમાની ઉજવણી

### મોટી સંખ્યામાં ભકતજનો ઉપસ્થિત રહ્યાં



લીલીયા, તા. ૭

લીલીયાનાં અંટાળીયાનું પુરાણું સ્વયંભૂ અંટાળેશ્વર મહાદેવ મંદિરે ગુરૂપૂર્ણિમા મહોત્સવ ધામધમથી અને આસ્થાભેર ઉજવાયો. હજારોની સંખ્યામાં ભાવિ ભકતજનો ઉપસ્થિત રહીને દર્શન, આરતી, મહાપ્રસાદનો લાભ લીધો હતો તેમજ દર વર્ષે આખો શ્રાવણ મહિનામાં બ્રહ્મભોજન, બટુકભોજન, મહા આરતી અને મહાપ્રસાદનો અમરેલી જિલ્લાની ધર્મપ્રેમી જનતાની ભારે ભીડ જામે છે. જેમાં મહંત શ્રી દશરથદાસજી મહારાજ, મંત્રી ટ્રસ્ટી વિઠ્ઠલભાઈ માંદલિયા, ઘનશ્યામભાઈ લાંભિયા, કાનજી ભગત અટાળા, સુરેશભાઈ રૂપારેલીયા તેમજ લલીતદાદા તમામ ટ્રસ્ટીગણ અને સેવકગણ અને ધર્મપ્રેમી જનતા બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા. તેમ ઘનશ્યામભાઈની યાદી જણાવે છે.

પાના ૮ ઉપરનું ચાલું **જાફરાબાદ પંથકમાં મહાશય પથ્થરોની**

ત્યાં સતત નાગરિકો, મહિલાઓ, બાળકોની અવરજવર હોય છે. જેથી સદર ટ્રકોના ચાલકો તેમજ માલીકો સામે યોગ્ય કાર્યવાહી કરવા તેમજ આર.ટી.ઓ.ને લગતા તમામ પેપરો ચેક કરવા સદર ટ્રકો આસરે ૨૫ થી ટ્રકો ચાલતા હોય જે તમામ ટ્રકો રોયલ્ટી વગર ઓવર લોડીંગ ખનીજ ચોરી કરી અને ચાલતા હોય જેથી તેની સામે લેખિત ફરિયાદ ઉચ્ચ કક્ષાએ કરવામાં આવી.

પાના ૮ ઉપરનું ચાલું **ખાંભાના માલકનેશમાં ચોરી કરનાર**

હિમકરસિંહે જીલ્લાઓમાં બનવા પામેલ મિલકત સંબંધી આરોપીઓને શોધી કાઢી તેમના વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા અને વણશોધાયેલ ગુન્હાઓ ડીટેકટ કરવા જરૂરી સુચના અને માર્ગદર્શન આપેલ હોય, જે અનુસંધાને સાવરકુંડલા વિભાગના નાયબ પોલીસ અધિક્ષક એસ.બી. વોરાએ માર્ગદર્શન આપેલ હોય, ખાંભા પોલીસ સ્ટેશનના પો.સબ.ઈન્સ. એમ.ડી. ગોહીલની રાહબરી પો.સબ.ઈન્સ. એસ.કે. બરજોડે જરૂરી સ્ટાફ સાથે ઉતરપ્રદેશ રાજયમાં જઈ મહેનાજપુર પોલીસની મદદથી મહેનાજપુર તાલુકા વિસ્તારના દક્ષીણકાપુરા ગામેથી ચોરીના આરોપી વિકાસકુમાર પપ્પુને પકડી પાડેલ હતો અને તેમની યુકિત પ્રયુકિતથી પુછપરછ કરતા તેમણે તેમના બીજા બે સાથીઓએ ચોરી કરેલ હોવાની કબુલાત આપેલ હતી.

પાના ૮ ઉપરનું ચાલું **સા.કુંડલામાં સરાજાહેર ધમાલ મચાવતાં**

પેટ્રોલ પંપમાં અચાનક બે શખ્સો દ્વારા એક બીજાએ સામ સામે છરીઓ કાઢી જાહેરમાં સુલેહ શાંતિનો ભંગ કરતા આજુબાજુમાં ઉભેલા લોકોમાં નાસભાગ મચી ગઈ હતી અને જાહેરમાં કોઈપણ જાતના ડર વગર એકબીજાએ છરીઓ કાઢી શહેરની શાંતિ ડહોળવાનો પ્રયાસ કરતા કોઈએ પોલીસને આ બાબતે જાણ કરતા સાવરકુંડલા ટાઉન પોલીસમાં નિષ્ઠાપૂર્વક ફરજ બજાવતા ઝાંબાઝ પોલીસ હેડ કોન્સ્ટેબલ અમનભાઈ કાજી અને કોન્સ્ટેબલ ગૌરવભાઈ બોદરભાઈએ બનાવ અંગે ગંભીરતા લઈ એક શખ્સ વિજય મગન મોલાડીયા રહે. કેવડાપરા. સાવરકુંડલા વાળાના હાથમાંથી પોલીસે છરી આંચકી સ્થળ પરથી પકડી પાડેલ અને રોનક મનુ મોલાડીયા રહે. કેવડાપરા સાવરકુંડલા વાળો ભાગી જતા પોલીસે તેને પણ ગણતરીની કલાકોમાં પકડી પાડી પોલીસ સ્ટેશન લઈ જઈ કાયદાનું ભાન કરાવતા આ બંને પોલીસ જવાનની કામગીરી અંગે શહેરમાં ઠેર ઠેર પ્રશંસા થવા લાગી છે અને આવા પોલીસ જવાનોના કારણે જ લોકોમાં પોલીસ પ્રત્યે આદર અને માન–સન્માનની ભાવના જોવા મળે છે.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૪૧૨ | ૧૪૬૨ |
| ૨ | શિંગ મોટી | ૧૧૦૦ | ૧૪૯૧ |
| ૩ | શિંગદાણા | ૧૫૦૦ | ૨૧૩૦ |
| ૪ | શિંગદાણા (ફાડા) | ૧૨૯૯ | ૧૯૩૫ |
| ૫ | તલ સફેદ | ૨૦૦૦ | ૩૧૯૬ |
| ૬ | તલ કાળા | ૧૯૧૦ | ૩૩૨૦ |
| ૭ | તલ કાશ્મીરી | ૩૩૦૦ | ૩૪૪૦ |
| ૮ | બાજરો | ૩૩૫ | ૩૮૫ |
| ૯ | જુવાર | ૬૧૧ | ૧૦૫૧ |
| ૧૦ | ઘંઉ ટુકડા | ૩૮૫ | ૬૨૭ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૫૮ | ૪૯૧ |
| ૧૨ | મકાઈ | ૩૧૮ | ૫૨૦ |
| ૧૩ | ચણા | ૬૦૦ | ૯૭૦ |
| ૧૪ | તુવેર | ૬૪૦ | ૧૮૬૧ |
| ૧૫ | કપાસ | ૯૮૬ | ૧૪૪૪ |
| ૧૬ | એરંડા | ૧૦૨૫ | ૧૧૫૧ |
| ૧૭ | જીરૂ | ૪૪૫૦ | ૧૧૫૨૫ |
| ૧૮ | ધાણા | ૮૦૦ | ૧૩૨૦ |
| ૧૯ | ધાણી | ૧૨૬૦ | ૧૪૮૦ |
| ૨૦ | અજમા | ૩૫૦૦ | ૪૦૨૦ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૫૧ | ૧૪૩૭ |
| ૨ | ચણા | ૯૨૧ | ૯૨૧ |
| ૩ | બાજરો | ૪૩૫ | ૪૩૫ |
| ૪ | સોયાબીન | ૯૧૧ | ૯૧૧ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ મોટી | ૧૨૫૧ | ૧૪૭૧ |
| ૨ | શીંગદાણા | ૧૭૦૦ | ૨૧૦૦ |
| ૩ | તલ સફેદ | ૨૭૦૦ | ૩૧૦૭ |
| ૪ | તલ કાળા | ૨૯૦૦ | ૩૩૩૦ |
| ૫ | જીરૂ | ૧૦૫૦૦ | ૧૨૧૦૦ |
| ૬ | કપાસ | ૧૦૦૦ | ૧૪૧૧ |
| ૭ | ઘઉં લોકવન | ૪૩૫ | ૫૦૬ |
| ૮ | ઘઉં ટુકડા | ૪૪૦ | ૫૫૧ |
| ૯ | બાજરો | ૩૮૦ | ૪૩૦ |
| ૧૦ | જુવાર | ૬૨૫ | ૯૪૦ |
| ૧૧ | ચણા દેશી | ૯૨૫ | ૧૧૨૫ |
| ૧૨ | ચણા | ૯૦૦ | ૯૭૦ |
| ૧૩ | તુવેર | ૧૪૦૦ | ૧૫૯૧ |
| ૧૪ | એરંડી | ૧૦૨૫ | ૧૧૫૩ |
| ૧૫ | કકળથી | – | ૧૦૩૦ |
| ૧૬ | અજમા | – | ૩૦૦૦ |
| ૧૭ | સોયાબીન | ૯૦૦ | ૯૩૦ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૨૦ | ૧૪૭૦ |
| ૨ | મગફળી | ૧૨૭૪ | ૧૪૦૬ |
| ૩ | તલ સફેદ | ૨૬૨૦ | ૨૯૮૦ |
| ૪ | ઘઉં | ૪૧૦ | ૪૭૦ |
| ૫ | ચણા | ૯૦૩ | ૯૬૭ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૩૬૫ |
| ૨ | ચણા | ૮૪૮ | ૯૬૫ |
| ૩ | ઘઉં લોકવન | ૩૯૩ | ૪૬૮ |
| ૪ | સોયા | ૮૪૮ | ૯૧૬ |
| ૫ | મગફળી | ૧૧૦૦ | ૧૨૫૦ |
| ૬ | શીંગ દાણા | ૧૭૨૦ | ૧૯૧૦ |
| ૭ | તલ સફેદ | ૨૩૦૦ | ૨૭૦૦ |
| ૮ | ધાણા | ૧૨૦૦ | ૧૨૩૦ |
| ૯ | રજકા બી | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૧૦ | બાજરો | ૪૪૦ | ૪૪૦ |
| ૧૧ | તુવેર | ૧૫૦૦ | ૧૫૦૦ |
| ૧૨ | અડદ | ૧૭૦૦ | ૧૭૦૦ |
| ૧૩ | મેથી | ૮૨૦ | ૮૨૦ |
| ૧૪ | ચણા સફેદ | ૧૦૦૬ | ૧૦૦૬ |
| ૧૫ | જુવાર | ૯૦૦ | ૯૭૧ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૮૨૫ | ૧૪૦૧ |
| ૨ | ઘઉં | ૪૪૧ | ૪૬૪ |
| ૩ | ચણા | ૮૧૫ | ૯૨૫ |
| ૪ | શીંગ દાણા | ૧૫૧૫ | ૨૧૨૫ |
| ૫ | સોયાબીન | ૯૧૫ | ૯૧૫ |
| ૬ | ધાણા | ૧૨૫૦ | ૧૨૫૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૩૩૦ | ૧૩૩૦ |
| ૨ | તલ સફેદ | ૩૦૫૧ | ૩૦૫૧ |
| ૩ | તલ કાળા | ૩૧૦૦ | ૩૧૦૦ |
| ૪ | કપાસ | ૧૧૦૦ | ૧૪૧૧ |
| ૫ | બાજરો | ૩૮૦ | ૪૭૦ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૨૭ | ૪૬૧ |
| ૭ | જુવાર | ૮૫૦ | ૧૧૬૦ |
| ૮ | મકાઈ | ૪૩૨ | ૪૩૨ |
| ૯ | મગ | ૧૬૫૬ | ૧૬૫૬ |
| ૧૦ | અડદ | ૧૫૧૫ | ૧૫૧૫ |
| ૧૧ | તુવેર | ૧૭૦૧ | ૧૭૦૧ |
| ૧૨ | ચણા | ૭૫૦ | ૯૦૦ |
| ૧૩ | શીંગદાણા | ૨૧૦૦ | ૨૧૦૦ |

# અમરેલી જીલ્લા ગાયત્રી પરિવાર સંગઠનની બેઠક યોજાઇ



અમરેલી જિલ્લા ગાયત્રી પરિવાર સંઠનની બેઠક યોજાઈ. સર્વ પ્રથમ મહેમાનો દ્વારા દીપ પ્રાગટય કરી રતિદાદાએ સર્વનું સ્વાગત કર્યું હતું. ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષા–૨૦૨૩ નાં આયોજન અને તાલુકા વાઈઝ સ્કૂલ પરિપત્રો વિતરણ કરી વધુ સંખ્યા માટે પ્રયત્નમાં સંકલ્પ લેવાયા હતા. તથા અમરેલી, ભાવનગર, બોટાદનાં ઉપઝોન સંયોજક મહેશભાઈ મહેતાએ આવનારા આયોજનોમાં ગુરૂપૂર્ણિમા, પારિવારિક સંમેલન, શિક્ષણ શિબિર, મુંબઈ અશ્વમેઘ યજ્ઞ વગેરેની ચર્ચા વિચારણા કરી હતી અને બીપીનભાઈ ભરાડ દ્વારા પ્રજ્ઞાગીત રજૂ કરી પરીક્ષા વિશે વિશેષ માહિતી આપી હતી. ત્યારબાદ જિલ્લા સંગઠન પ્રમુખ તરીકે અતુલભાઈ પંડયા અને ઉપપ્રમુખ તરીકે ભાવનાબેન કાબરીયા તથા યુવા પ્રમુખ તરીકે ભાસ્કરભાઈ તળાવીયા તથા ઉપપ્રમુખ તરીકે બીપીનભાઈ સિધ્ધપુરા તથા ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષાનાં જીલ્લા કન્વીનર તરીકે પંકજભાઈ રાજયગુરૂની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. આ મીટીંગમાં સમગ્ર અમરેલી જિલ્લાનાં દસ તાલુકાનાં ૯૩ પ્રતિનિધી હાજર રહ્યાં હતા. બીપીનભાઈ ભરાડ, ગોવિંદભાઈ ગોંડલીયા, પ્રફુલભાઈ સેંજલીયા, ભટ્ટ વગેરેની ભૂમિકા રહી હતી. મીટીંગ તથા ભોજનની સર્વ વ્યવસ્થા શીતલબેન મહેતાએ સંભાળી હતી.

## જીવન જરૂરી વસ્તુના વધતા ભાવે લોકોની કમર તોડી

# ટામેટાના ભાવ બાદ મસાલાના ભાવમાં પણ જંગી વધારો થયો

### ૧૫ દિવસોમાં જોરદાર વધારો, મસાલાની મોંઘવારીની પાછળ ઓછી વાવણી-ઓછુ ઉત્પાદનનું કારણ ગણાવાય છે

નવી દિલ્હી, તા.૭

દેશમાં ટામેટા ઉપરાંત અન્ય શાકભાજીની વધતી કિંમતોએ સામાન્ય માણસની કમર તોડી નાંખી છે. ટામેટાના ભાવ ૧૫૦-૧૬૦ રૂપિયા પ્રતિ કિલો સુધી પહોંચી ગયા છે. દરમિયાન મોંઘવારીમાં 'આટા ગીલા' જેવી કહેવત સાચી સાબિત થતી જોવા મળી રહી છે કેમ કે હવે ભારતીય રસોડાના સૌથી મહત્વના ભાગ મસાલાના ભાવ પણ ખૂબ જ વધી રહ્યા છે. ભારતીય રસોડાની શાન ગણાતા મસાલા જે ભોજનમાં સ્વાદ ઉમેરે છે, તે હવે મોંઘવારીનો ઝટકો સામાન્ય માણસને આપી રહ્યા છે.

રિપોર્ટ અનુસાર મુંબઈના મસાલા બજારમાં અચાનક મસાલાના ભાવમાં જોરદાર વધારો જોવા મળી રહ્યો છે અને ગત ૧૫ દિવસોમાં જ કિંમતોમાં જોરદાર વધારો થયો છે. મસાલાના ભાવ જોતા ખબર પડે છે કે ઘણા મસાલાના ભાવ લગભગ બમણા થઈ ચૂક્યા છે.

કાશ્મીરી મરચુ જે પહેલા ૩૦૦-૫૦૦ રૂપિયા પ્રતિ કિલોના ભાવે હતુ તે હવે ૫૦૦-૭૦૦ રૂપિયા પ્રતિ કિલોના ભાવે મળી રહ્યુ છે.

જીરૂં અત્યારે માર્કેટમાં ૮૦૦ રૂપિયા પ્રતિ કિલોના ભાવે મળી રહ્યુ છે અને આના હોલસેલ માર્કેટના રેટ ૫૫૦-૬૮૦ રૂપિયા પ્રતિ કિલો પર જઈ પહોંચ્યા છે. ગરમ મસાલા જે ભોજનના સ્વાદને વધારે છે તેના ભાવમાં તો ૭૨-૮૦ ટકાનો વધારો આ વર્ષે થઈ ચૂક્યો છે. હળદરના ભાવ પણ સતત વધી રહ્યા છે અને આ મુખ્યરીતે આંધ્ર પ્રદેશ, મહારાષ્ટ્ર અને યુપીમાં ઉછાળા સાથે જનતાને મળી રહ્યા છે.

અત્યારે દેશમાં ચોમાસાની સીઝન તો ચાલી રહી છે પરંતુ આ વર્ષે અલ નીનો યર રહેવાનું અનુમાન વર્તાઈ રહ્યુ છે જેના કારણે ઘણા પ્રકારના પાક પર નકારાત્મક અસર પડશે. મસાલાની મોંઘવારીની પાછળ આ વખતે ઓછી વાવણી અને ઓછુ ઉત્પાદનનું કારણ ગણાવાઈ રહ્યુ છે. જોકે દેશમાં મસાલાને લઈને ધીમે-ધીમે ભાવ વધવાના સમાચાર પહેલા પણ આવ્યા છે પરંતુ અત્યારે અચાનકથી ભાવોમાં આવો ઉછાળો આવ્યો એ ચોંકાવનારુ છે.

મસાલા માર્કેટના વેપારીઓ અનુસાર તરબૂચના બીજ જે મસાલા બનાવવાના કામ આવે છે તેમનું એક્સપોર્ટ આ વર્ષે વધ્યુ છે જેના કારણે દેશમાં મસાલાના પ્રોડક્શન પર અસર પડે છે. આ સિવાય ઓછી વાવણી, હવામાનની અસમાનતાની નેગેટીવ અસર પણ મસાલાના પ્રોડક્શન પર જોવા મળી છે.

## મહારાષ્ટ્રમાં એનસીપીની હાલત પણ શિવસેના જેવી

# અજિત પવારે મુંબઈ-પૂણેના એનસીપી પ્રમુખને બદલ્યા

### અજિત પવાર જૂથે નરેન્દ્ર રાણેને મુંબઈના અને દીપક મનકરને પણ પૂણેના અધ્યક્ષ તરીકેની જવાબદારી સોંપી

મુંબઈ, તા.૭

મહારાષ્ટ્રમાં કાકા-ભત્રીજા વચ્ચે જૂથ પડી ગયા બાદ એનસીપીની હાલત પણ શિવસેના જેવી થઈ ચૂકી છે. તાજેતરમાં રાજકારણમાં ગરમાવા વચ્ચે હવે એવા પણ અહેવાલ આવ્યા છે કે અજિત પવારના જૂથે મુંબઈ-પૂણેના એનસીપીપ્રમુખને બદલી નાખ્યા છે.

માહિતી અનુસાર અજિત પવારે મુંબઈ અને પૂણે માટે એનસીપીઅધ્યક્ષની નિમણૂક કરી દીધી છે. આ પહેલા તેઓ એનસીપીના ચૂંટણી ચિહ્ન પર દાવો કરી ચૂક્યા છે. પાર્ટીના એક નેતાએ જણાવ્યું કે અજિત પવાર જૂથે નરેન્દ્ર રાણેને મુંબઈ એનસીપીના અધ્યક્ષ જાહેર કરી દીધા છે. તેની સાથે જ તેમણે દીપક મનકરને પણ પૂણેના અધ્યક્ષ તરીકેની જવાબદારી સોંપી છે. જ્યારે પ્રશાંત જગતાપ પહેલાંથી જ એનસીપી પૂણેના અધ્યક્ષ છે. તેમ છતાં અજિત જૂથે નવા પદાધિકારીની નિમણૂક કરી હતી. આ પહેલા મુંબઈમાં મહારાષ્ટ્રના ઉપમુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે સીએમ એકનાથ શિંદેના નિવાસે બેઠક યોજી હતી. આ બેઠક મોડી રાત સુધી ચાલી હતી. બેઠક સમાપ્ત થયા બાદ ફડણવીસ રવાના થયા હતા.

## મોદી સરનેમ પરની ટિપ્પણી મામલે રાહુલની મુશ્કેલી વધી

# સુરત કોર્ટની સજા સામેની રાહુલની રિવ્યુ પિટીશન હાઈકોર્ટે ફગાવી

### કોર્ટે કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી દ્વારા સજા પર રોક લગાવવાની માંગ કરતી અરજીને પણ ફગાવી દીધી



અમદાવાદ, તા.૭

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીને મોટો આંચકો લાગ્યો છે. ગુજરાત હાઈકોર્ટે મોદી સરનેમ મામલે સુરત કોર્ટ દ્વારા ફટકારાયેલી સજા મામલે રાહુલ ગાંધી દ્વારા દાખલ કરવામાં આવેલી રિવ્યૂ પિટિશન ફગાવી દેવામાં આવી છે.

મોદી સરનેમના નિવેદન પર માનહાનિ કેસમાં રાહુલ ગાંધીને ગુજરાત હાઈકોર્ટમાંથી મોટો ઝટકો લાગ્યો છે. કોર્ટે માનહાનિના કેસમાં સજા પર સ્ટે આપવાનો ઈનકાર કર્યો હતો. આ સાથે જ કોર્ટે રાહુલ ગાંધી દ્વારા સજા પર રોક લગાવવાની માંગ કરતી અરજીને પણ ફગાવી દીધી હતી. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીને મોદી અટક સાથે ટિપ્પણી કરવા બદલ અપરાધિક માનહાનિના કેસમાં દોષી ઠેરવવામાં આવ્યા હતા. તેમને બે વર્ષની સજા સંભળાવવામાં આવી હતી, ત્યારબાદ તેમણે સંસદની સભ્યતા ગુમાવી દીધી હતી જે બાદ રાહુલે ગુજરાત હાઈકોર્ટના દ્વાર ખટખટાવ્યા હતા.

ગુજરાત હાઈકોર્ટનું કહેવું છે કે કોર્ટનો દોષિત ઠેરવવાનો આદેશ યોગ્ય છે, તે આદેશમાં દખલ કરવાની કોઈ જરૂર નથી, તેથી અરજી ફગાવી દેવામાં આવે છે. કોર્ટે વધુમાં કહ્યું કે રાહુલ ગાંધી સામે ઓછામાં ઓછા ૧૦ ફોજદારી કેસ પેન્ડિંગ છે. હાઈકોર્ટના આ નિર્ણય બાદ રાહુલ ગાંધી હવે ૨૦૨૪ની લોકસભાની ચૂંટણી લડી શકશે નહીં અને ન તો તેઓ સંસદ સભ્ય તરીકેના તેમના દરજ્જાના સસ્પેન્શનને રદ કરવાની માંગ કરી શકશે. રાહુલ ગાંધી હાઈકોર્ટના આદેશ સામે સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી શકે છે. રાહુલની લોકસભાની સદસ્યતા પહેલા જ જતી રહી છે

સુરત કોર્ટે ૨૦૧૯માં મોદી અટક અંગે રાહુલ ગાંધીની ટિપ્પણીના કેસમાં ૨૩ માર્ચે ચુકાદો આપ્યો હતો.

કોર્ટે તેને કલમ ૫૦૪ હેઠળ બે વર્ષની જેલની સજા ફટકારી છે. જો કે કોર્ટે નિર્ણયને અમલમાં મૂકવા માટે થોડા દિવસનો સમય પણ આપ્યો હતો. આ સાથે તેમને તાત્કાલિક જામીન પણ આપવામાં આવ્યા હતા. સુરતની કોર્ટે મોદી અટક સંબંધિત ટિપ્પણીને લગતા માનહાનિના કેસમાં તેમની સજા પર સ્ટે આપવાનો ઈનકાર કર્યો હતો.

જે બાદ રાહુલે ગુજરાત હાઈકોર્ટના દ્વાર ખટખટાવ્યા હતા.

રાહુલ ગાંધીને સુરત કોર્ટે બે વર્ષની સજા ફટકારતા લોકસભા સચિવાલય દ્વારા જનપ્રતિનિધિત્વ અધિનિયમ હેઠળ રાહુલનું સંસદ સભ્યપદ રદ કરવામાં આવ્યું હતું. રાહુલ કેરળના વાયનાડથી સાંસદ હતા.

લોકપ્રતિનિધિત્વ અધિનિયમમાં જોગવાઈ છે કે જો કોઈ સાંસદ અને ધારાસભ્યને કોઈ કેસમાં ૨ વર્ષ કે તેથી વધુની સજા થાય તો તેમનું સભ્યપદ રદ કરવામાં આવે છે. આ સાથે જ સજાનો સમયગાળો પૂરો કર્યા બાદ તેઓ છ વર્ષ સુધી ચૂંટણી લડવા માટે પણ અયોગ્ય બની જાય છે. ૨૦૧૯ની લોકસભા ચૂંટણી દરમિયાન કર્ણાટકના કોલારમાં એક રેલીમાં રાહુલ ગાંધીએ કહ્યું હતું કે, 'બધા ચોરોની અટક મોદી કેવી રીતે છે?' રાહુલના નિવેદનને લઈને ભાજપના ધારાસભ્ય અને પૂર્વ મંત્રી પૂર્ણેશ મોદીએ તેમની વિરુદ્ધ કલમ ૪૯૯, ૫૦૦ હેઠળ ફોજદારી માનહાનિનો કેસ દાખલ કર્યો હતો.

તેમની ફરિયાદમાં, બીજેપી ધારાસભ્યએ આરોપ લગાવ્યો હતો કે ૨૦૧૯ માં એક ચૂંટણી રેલીને સંબોધિત કરતી વખતે, રાહુલે કથિત રીતે એમ કહીને સમગ્ર મોદીસમુદાયને બદનામ કર્યો હતો કે બધા ચોરોની અટક મોદી કેમ છે?

## મોસમની સમસ્યાનું કારણ આપી કન્ટેન્ટ બદલાયું

# મોંઘવારીનો માર : મેકડોનાલ્ડસે બર્ગરમાંથી ટામેટા હટાવી દીધા

### સારી ગુણવત્તાના ટામેટાં મળતા ન હોવાનો મેકડોનાલ્ડ્સની ભારતની ઉત્તર અને પૂર્વ ફ્રેન્ચાઈઝી દ્વારા બચાવ કરાયો

નવી દિલ્હી, તા.૭

મેકડોનાલ્ડ્સે બર્ગરમાંથી ટામેટાં હટાવી દીધા છે. મેકડોનાલ્ડ્સની ભારતની ઉત્તર અને પૂર્વ ફ્રેન્ચાઈઝીએ શુક્રવારે જણાવ્યું હતું કે, મોસમી સમસ્યાઓના કારણે કેટલાક સમયથી આવું કરવામાં આવ્યું છે. તમામ પ્રયાસો છતાં પણ અમને સારી ગુણવત્તાના ટામેટાં મળ્યા નથી. ફ્રેન્ચાઈઝીએ કહ્યું કે, અમે તેનો ઉકેલ શોધી રહ્યા છીએ અને ટૂંક સમયમાં તેને અમારી વસ્તુઓમાં સામેલ કરીશું. બીજી તરફ ભારે વરસાદને કારણે દેશમાં ટામેટાના ભાવ ૨૫૦ રૂપિયા સુધી પહોંચી ગયા છે. પાક નિષ્ફળ જવાને કારણે ગુણવત્તા પર અસર પડી છે.ફુડ ક્વોલિટી અને સેફ્ટીના હાઈએસ્ટ સ્ટેન્ડર્સ માટે કમિટેડ બ્રાન્ડ તરીકે, અમે ક્વોલિટી અને સેફ્ટીની તપાસ પછી જ વસ્તુનો ઉપયોગ કરીએ છીએ.

જો કે, મોસમી સમસ્યાઓના કારણે અને અમારા તમામ પ્રયત્નો છતાં, અમે ટામેટાંની ખરીદી કરવામાં અસમર્થ છીએ જે વર્લ્ડ ક્લાસ ક્વોલિટી ચેકમાંથી પસાર થઈ શકે. તેથી, અમે અમારી કેટલીક રેસ્ટોરન્ટમાં મેનૂમાંથી ટામેટાં હટાવ્યા છે.

નિવેદનમાં વધુમાં કહેવામાં આવ્યું છે કે 'આ એક ટેંપરરી ઈશ્યુ છે અને અમે અમારા ગ્રાહકોને ખાતરી આપવા માંગીએ છીએ કે, અમે તેમને મેનૂ પર પાછા લાવવા માટે તમામ સંભવિત રીતો પર વિચાર કરી રહ્યા છીએ. ટામેટા ખૂબ જ જલ્દી અમારા મેનુમાં સામેલ થશે.

વર્ષ ૨૦૧૬માં પણ નોર્થ અને ઈસ્ટની ફ્રેન્ચાઈઝીઓએ તેમના મેનુમાંથી ટામેટાં હટાવવામાં આવ્યા હતા. ત્યારે તેનું કારણ ટામેટાંની નબળી ગુણવત્તા હોવાનું જણાવવામાં આવ્યું હતું.

સપ્લાઈ ચેનની સમસ્યાને કારણે મેકડોનાલ્ડ્સે તેની યુકે રેસ્ટોરાંમાં મેનૂમાંથી ટામેટાં હટાવી લીધાં હતા. ફાસ્ટ ફૂડ જાયન્ટે કહ્યું હતું કે, તેને કેટલાક પ્રોડક્ટમાંથી ટામેટાંની માત્રામાં ઘટાડો કરવાની ફરજ પડી હતી. સપ્લાય ચેઈન યુકેન પર રશિયાના આક્રમણ, બ્રેક્ઝિટ અને કોરોનાના કારણે હતું.

## દેશના સૌથી મોટા લઘુ ઉદ્યોગોનું સંગઠન, લઘુ ઉદ્યોગ ભારતી

# અમરેલી જિલ્લાનાં પ્રમુખ તરીકે દિવ્યેશ વેકરિયાની વરણી કરવામાં આવી

### મિત્રો, શુભેચ્છકો દ્વારા અભિનંદનની વર્ષા



અમરેલી, તા. ૭

ઔદ્યોગિક ક્ષેત્રે આખી દુનિયા ઝડપથી આગળ વધી રહી છે. ભારત એ નાના નાના ઉદ્યોગોને સાંકળીને આત્મનિર્ભર બનેલો દેશ છે. સૌથી વધુ લઘુ ઉદ્યોગો ધરાવતો દેશ ભારત છે. આ લઘુ ઉદ્યોગોને એકસાથે જોડતી કડી અને દેશનું સૌથી મોટું ઉદ્યોગ સંગઠન એટલે લઘુ ઉદ્યોગ ભારતી. ઉદ્યોગહિત, રાષ્ટ્રહિતના મુદ્રાલેખ સાથે સુક્ષ્મ અને નાના ઉદ્યોગો માટે ૧૯૯૪ના વરસમાં શરૂ થયેલ લઘુ ઉદ્યોગ ભારતીનુ રાષ્ટ્રીય સ્તરે વ્યાપક સંગઠન છે. દેશના ૪૯૫થી વધુ જિલ્લામાં લઘુ ઉદ્યોગ ભારતીનું સંગઠન કાર્યરત છે. એ સંગઠનના અમરેલી જિલ્લાના પ્રમુખ તરીકે દિવ્યેશ વેકરિયાની વરણી કરવામાં આવી છે.

અમરેલી જિલ્લામાં ઔદ્યોગિક ક્ષેત્રે વધુ વિકાસ થાય અને ઉદ્યોગકારોને સહકાર મળી રહે તે માટે આ સંસ્થા વસંતભાઈ મોવલિયાના નેતૃત્વમાં કાર્યરત છે. વસંતભાઈ મોવલિયાના માર્ગદર્શન હેઠળ અમરેલી જિલ્લાની નવી ટીમની રચના કરવામાં આવી. રાજકોટ ખાતે આયોજિત સૌરાષ્ટ્ર પ્રાંતની બેઠકમાં અમરેલી જિલ્લાના પ્રમુખ તરીકે દિવ્યેશ વેકરિયાની વરણી કરવામાં આવી. આ જાહેરાત લઘુ ઉદ્યોગ ભારતી રાષ્ટ્રીય અધ્યક્ષ બળદેવભાઈ પ્રજાપતિ, ગુજરાત અધ્યક્ષ શ્યામસુંદર સલુજા અને સૌરાષ્ટ્ર પ્રાંત અધ્યક્ષ હંસરાજભાઈ ગજેરાની ઉપસ્થિતિમાં કરવામાં આવી હતી. અમરેલી જિલ્લામાં બિઝનેસ સેમિનાર ઉપરાંત સમયાંતરે સ્ટાર્ટઅપ અને નવા ઉદ્યોગ સાહસિકો માટે માર્ગદર્શન મળી રહે તે માટે વિશેષ સેમિનારોનું આયોજન લઘુ ઉદ્યોગ ભારતી દ્વારા કરવામાં આવે છે.

અમરેલી જિલ્લાની નવનિયુકત જિલ્લા ટીમનાં મહામંત્રી અરૂણભાઈ ડેર, ખજાનચી મુકેશભાઈ કોરાટ, ઉપપ્રમુખ મૃણાલભાઈ ગાંધી, દેવચંદભાઈ કપોપરા, સુરેશભાઈ દેસાઈ, મંત્રી સંજયભાઈ માલવિયા, પ્રદિપભાઈ ભાખર, ધર્મેશભાઈ વિસાવળિયાની વરણી કરવામાં આવી છે. અમરેલી જિલ્લાના તાલુકાના સંયોજક તરીકે અનિલભાઈ વેકરિયા (બગસરા), અશોકભાઈ ભાદાણી (લાઠી), સાગરભાઈ સરવૈયા (રાજુલા), કરશનભાઈ ડોબરિયા (સાવરકુંડલા), ગોરધનભાઈ ગેડિયા (ચલાલા), સુરેશભાઈ ભાલાળા (બાબરા) અને પ્રિતેશભાઈ ડોબરિયા (કુંકાવાવ)ની વરણી કરવામાં આવી છે.

## કોંગ્રેસના નેતાઓને માથે કોર્ટરૂપી આફત

# ૭ ઓગસ્ટે કોર્ટમાં હાજર રહેવા અશોક ગેહલોતની સામે સમન્સ

### કેસ કેન્દ્રીય મંત્રી ગજેન્દ્ર સિંહ શેખાવતે દાખલ કર્યો હતો

નવી દિલ્હી, તા.૭

દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટમાં ચાલી રહેલા માનહાનિના કેસમાં કોર્ટે મુખ્યમંત્રી અશોક ગેહલોતને સમન્સ જારી કરીને ૭ ઓગસ્ટે કોર્ટમાં હાજર થવાનો નિર્દેશ આપ્યો છે. આ માનહાનિનો કેસ કેન્દ્રીય મંત્રી ગજેન્દ્ર સિંહ શેખાવતે દાખલ કર્યો હતો. જસ્ટિસ હરજીત સિંહ જસપાલની કોર્ટે માનહાનિના કેસમાં સમન્સ જારી કર્યા છે. કેન્દ્રીય મંત્રી શેખાવતે સીએમ ગેહલોત વિરુદ્ધ માનહાનિની ફરિયાદ કરી હતી. આ પહેલા દિલ્હી પોલીસે કોર્ટમાં તથ્યપૂર્ણ રિપોર્ટ રજૂ કર્યો હતો.

સીએમ ગેહલોત સામે સમન્સ જારી કરવામાં આવ્યા પછી, કેન્દ્રીય મંત્રી શેખાવતે એક કવિતા લખીને અને તેમના અને તેમના ચિત્રવાળા સમાચારના સ્ક્રીનશોટ સાથે એક ટ્વિટ શેર કરીને આ બાબતે ટોણો માર્યો. તેમણે લખ્યું, " કીચડ ઉછાલને વાલે લાખ હૈં મગર, કંઠ તક જલ મેં ગડા મુસ્કુરાતા હૈ કમલ" . ખરેખર ફેબ્રુઆરી ૨૦૨૩માં ગેહલોતે ટ્વિટ કરીને ગજેન્દ્ર સિંહ શેખાવતને સંજીવની કૌભાંડના આરોપી ગણાવ્યા હતા.

તેમણે કહ્યું હતું કે એસઓજીની તપાસમાં સંજીવની કૌભાંડના અન્ય પકડાયેલા આરોપીઓની જેમ ગજેન્દ્રસિંહ શેખાવતનો ગુનો પણ સાબિત થયો છે. આ પછી શેખાવતે દિલ્હીની કોર્ટમાં સીએમ ગેહલોત પર બદનક્ષીનો આરોપ લગાવતા તેમની સામે ફોજદારી માનહાનિનો કેસ દાખલ કર્યો હતો. ઉલ્લેખનીય છે કે આ વર્ષે માર્ચમાં શેખાવતે ગેહલોત વિરુદ્ધ દિલ્હીની કોર્ટમાં માનહાનિનો કેસ દાખલ કર્યો હતો.

શેખાવતે કહ્યું હતું કે રાજસ્થાનના મુખ્યમંત્રીએ ન માત્ર તેમના ચારિત્ર્યનું ઉલ્લંઘન કર્યું, પરંતુ તેમની સ્વર્ગસ્થ માતાને પણ આરોપી બનાવ્યા.

તમને જણાવી દઈએ કે ૨૧ ફેબ્રુઆરીએ મુખ્યમંત્રી અશોક ગેહલોતે આરોપ લગાવ્યો હતો કે ગજેન્દ્ર સિંહ શેખાવતના માતા-પિતા અને તેમની પત્ની સહિત તેમનો આખો પરિવાર સંજીવની કૌભાંડમાં સામેલ છે.

સીએમ ગેહલોત અને શેખાવત વચ્ચે ઘણા સમયથી આરોપ-પ્રત્યારોપનો દોર ચાલી રહ્યો છે. ગેહલોત કેન્દ્રીય મંત્રી પર તેમની સરકારને તોડવાની કોશિશ કરવાનો આરોપ પણ લગાવી રહ્યા છે.

દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટે ગુરુવારે આ મામલે સુનાવણી કરી હતી. આ પછી કોર્ટે અશોક ગેહલોતને સમન્સ જારી કર્યા છે. આ સાથે તેને ૭ ઓગસ્ટે કોર્ટમાં હાજર રહેવાનો આદેશ આપવામાં આવ્યો છે.

## ખરાબ હવામાનની અમરનાથ યાત્રા પર અસર

# અમરનાથ યાત્રા અટકાવાઈ, ૮૪ હજારથી વધુએ દર્શન કર્યા

### બેઝ કેમ્પ બાલતાલ અને પહેલગામ બંને રૂટ પર મુસાફરોને આગળ જતા અટકાવવામાં આવ્યા

જમ્મુ, તા.૭

જમ્મુ અને કાશ્મીરમાં ખરાબ હવામાનને કારણે અમરનાથ યાત્રાને આગામી આદેશ સુધી રોકી દેવામાં આવી છે. બેઝ કેમ્પ બાલતાલ અને પહેલગામ બંને રૂટ પર મુસાફરોને આગળ જતા અટકાવવામાં આવ્યા છે. યાત્રાના પ્રારંભથી અત્યાર સુધીમાં કુલ ૮૪ હજારથી વધુ ભક્તોએ દર્શનનો લાભ લીધો છે. અમરનાથ યાત્રા માટે દેશ-વિદેશથી હજારો શ્રદ્ધાળુઓ જમ્મુ કાશ્મીર પહોંચ્યા છે ત્યારે અમરનાથ યાત્રાનો વધુ એક સમૂહ બાબા બર્ફાનીના દર્શન કરવા માટે રવાના થયો હતો જો કે આ સમૂહને ખરાબ હવામાનને પગલે વચ્ચે જ રોકી દેવામાં આવ્યો હતો. આ દરમિયાન ગઈકાલે ૧૭૨૦૨ શ્રદ્ધાળુઓએ બાબા બર્ફાનીના દર્શન કર્યા હતા જ્યારે યાત્રાના પ્રારંભથી અત્યાર સુધીમાં કુલ ૮૪૭૬૮ ભક્તોએ બાબા બર્ફાનીના દર્શનનો લાભ લીધો હતો. યાત્રા શરૂ થયા બાદ આગામી બે-ત્રણ દિવસમાં દર્શન કરવા આવનાર શ્રદ્ધાળુઓની સંખ્યા એક લાખને પાર થઈ શકે છે. હાલ ખરાબ હવામાનને કારણે કોઈ પણ યાત્રાળુને પવિત્ર ગુફા તરફ જવાની મંજૂરી આપવામાં આવી નથી. અમરનાથ શ્રાઈન બોર્ડના અધિકારીઓના જણાવ્યા અનુસાર હવામાન સાફ થયા બાદ જ યાત્રાળુઓને આગળની યાત્રા કરવાની મંજૂરી આપવામાં આવશે. યાત્રાળુઓને હાલમાં રામબનના ચંદ્રકોટ ખાતે રોકવામાં આવ્યા છે. અહીં ભક્તો માટે નાસ્તા વગેરેની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. હવામાન અનુકૂળ થયા બાદ યાત્રાળુઓને ગુફા તરફ મોકલવામાં આવશે.

## મોદીની સરનેમ પરની ટિપ્પણી રાહુલને ભારે પડી

# રાહુલ માટે લોકસભાની ચૂંટણી લડવી મુશ્કેલ, સુપ્રીમમાં જવું પડશે

### હજુ હાઈકોર્ટની ઉચ્ચ બેંચમાં અપીલ કરવાનો વિકલ્પ

નવી દિલ્હી, તા.૭

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીને મોદી સરનેમ વિવાદ મામલે કોઈ રાહત મળી નથી. ગુજરાત હાઈકોર્ટે માનહાનિ કેસમાં રાહુલ ગાંધીને ઝટકો આપ્યો છે. અને આ સાથે જ કોર્ટે રાહુલ ગાંધી દ્વારા સજા પર રોક લગાવવાની માંગ કરતી અરજીને પણ ફગાવી દીધી હતી.

હાઈકોર્ટમાંથી અરજી ફગાવી દેવાયા બાદ રાહુલ ગાંધી પર જેલ જવાની તલવાર લટકી રહી છે. રાહુલ ગાંધીને ૨૩ માર્ચે બે વર્ષની સજા સંભળાવી હતી. સજાની સાથે કોર્ટે તેને સેશન્સ કોર્ટમાં જવા માટે ૩૦ દિવસનો સમય આપ્યો હતો. જો કે સેશન્સ કોર્ટે પણ રાહુલ ગાંધીની અપીલ ફગાવી દીધી હતી. માનહાનિ કેસમાં પહેલા નીચલી કોર્ટ, પછી સેશન્સ કોર્ટ અને હવે ગુજરાત હાઈકોર્ટમાં રાહુલ ગાંધીને કોઈ રાહત મળી નથી.

ગુજરાત હાઈકોર્ટમાંથી રાહત ન મળતા હવે તેમણે સુપ્રીમ કોર્ટનો સંપર્ક જવું પડશે. કોંગ્રેસના નેતાઓએ પણ કહ્યું કે આ નિર્ણયને સુપ્રીમ કોર્ટમાં પડકારવામાં આવશે. જો કે તેમની પાસે હજુ પણ હાઈકોર્ટની ઉચ્ચ બેંચમાં અપીલ કરવાનો વિકલ્પ છે.

રાહુલ ગાંધીને સુરત કોર્ટે બે વર્ષની સજા ફટકાર્યા બાદ તેમનું લોકસભાનું સભ્યપદ રદ કરવામાં આવ્યું હતું. જો રાહુલને હાઈકોર્ટમાંથી રાહત મળી હોત તો તેમની લોકસભાની સદસ્યતા પુનઃસ્થાપિત થઈ શકી હોત, પરંતુ હવે તેમના માટે આગામી વર્ષની લોકસભાની ચૂંટણી લડવી મુશ્કેલ સાબિત થઈ રહી છે.

રાહુલ ગાંધી પર મોદી સરનેમને લઈને વિવાદાસ્પદ ટિપ્પણી કરવાનો આરોપ છે. આરોપ છે કે ૨૦૧૯માં લોકસભા ચૂંટણી દરમિયાન રાહુલ ગાંધીએ કર્ણાટકના કોલારમાં એક રેલી દરમિયાન મોદી સરનેમ પર વિવાદિત નિવેદન આપ્યું હતું. રાહુલે કહ્યું હતું કે બધા ચોરોની અટક મોદી કેવી રીતે આવે છે. ભાજપના નેતા પૂર્ણેશ મોદીએ રાહુલના નિવેદનને લઈને સુરત કોર્ટમાં કેસ દાખલ કર્યો છે.

## હવામાન વિભાગ દ્વારા કરાઈ આગાહી

# આજે સમગ્ર ગુજરાતમાં ભારે વરસાદની આગાહી

### સમગ્ર ગુજરાતમાં ભારે વરસાદની આગાહી કરી છે, તેમજ ૪ દિવસ માછીમારોને દરિયો ન ખેડવાની સૂચના પણ આપવામાં આવી છે

અમદાવાદ, તા.૭

ગુજરાતમાં વરસાદનાં પ્રથમ રાઉન્ડમાં સૌરાષ્ટ્ર તેમજ દક્ષિણ ગુજરાતમાં સારા એવા પ્રમાણમાં વરસાદ પડ્યો છે. તેમજ ઉત્તર ગુજરાતમાં પણ છુટો છવાયો વરસાદ પડ્યો હતો. ત્યારે હવે આજથી વરસાદનાં બીજા રાઉન્ડની શરૂઆત થઈ છે. હવામાન વિભાગ દ્વારા આવનારા દિવસોમાં સાર્વત્રિક વરસાદની હવામાન વિભાગ દ્વારા આગાહી કરી છે. ત્યારે આજે ગીર સોમનાથ તેમજ જૂનાગઢમાં અતિ ભારે વરસાદને લઈ હવામાન વિભાગ દ્વારા રેડ એલર્ટ કરવામાં આવ્યું છે. આ બાબતે હવામાન વિભાગનાં ડાયરેક્ટર મનોરમા મહંતીએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં આવનારા ૫ દિવસ સાર્વત્રિક વરસાદની આગાહી કરવામાં આવી છે. આવનારા ૩ દિવસ સમગ્ર ગુજરાતમાં ધોધમાર વરસાદ પડી શકે છે. જે બાદ ૨ દિવસ ધીરે ધીરે વરસાદનું જોર ઘટશે. હવામાન વિભાગના જણાવ્યા પ્રમાણે શનિવારે સમગ્ર ગુજરાતમાં વરસાદ જોવા મળશે. સૌરાષ્ટ્રમાં અતિભારે વરસાદની આગાહી કરાઈ છે. સૌરાષ્ટ્રના કાંઠાના શહેરો જામનગર અને દ્વારકામાં અતિભારે વરસાદની આગાહી કરાઈ છે. તો ભાવનગર, ગીરસોમનાથ સહિતના જિલ્લાઓમાં પણ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.અમદાવાદ અને આજુબાજુના વિસ્તારોમાં પણ ભારે વરસાદ વરસી શકે છે. આવનારા ૪ દિવસ માટે માછીમારોને દરિયો ન ખેડવા સૂચના અપાઈ છે. તો શનિવારે જૂનાગઢ અને ગીર સોમનાથમાં રેલ એલર્ટ જાહેર કરાયું છે.

### વરસાદી પાણીનો ભરાવો થતા મુસાફરોમાં નારાજગીનો માહોલ

# દામનગરમાં જનતા જનાર્દનના પરસેવાના લાખો રૂપિયાના ખર્ચે બનેલ બસ સ્ટેન્ડમાં સમસ્યાઓની ભરમાર

### જનપ્રતિનિધિઓ અને ઉચ્ચ અધિકારીઓ સમસ્યાનું નિરાકરણ લાવે તેવી માંગ



દામનગર, તા. ૭

એક કરોડમાં દસેક લાખ ઓછામાં દામનગર શહેરમાં ઘણા સમયબાદ વિવાદનો અંત આવ્યા પછી નવા બનાવવામાં આવેલ બસ સ્ટેન્ડની બહાર એટલે કે અંદર પ્રવેશતા જ ખાડાઓ પડયા છે એટલે હાલ પડી રહેલા વરસાદી પાણી ભરાઈ રહેતા હોય પસાર થતા વાહન ચાલકો અને રાહદારીઓ મુંગેમોઢે સહન કરી લ્યે છે. આ ખાડાવાળી જગ્યા નગરપાલીકામાં આવતી હોય તો ખાડા બુરવામાં આવે તો રાહત થશે, એવું માનવું છે..!!

### ભારે વરસાદની આગાહી વચ્ચે

# અમરેલી શહેરમાં જોરદાર વરસાદી ઝાપટું પડી જતાં પાણી વહી ગયા

### વડિયા ૧૮ મી.મી., બાબરા ૫૫ મી.મી., લાઠી ૧૪ મી.મી. વરસાદ નોંધાયો



અમરેલી, તા. ૭

સૌરાષ્ટ્રમાં ભારે વરસાદની આગાહી વચ્ચે અમરેલી શહેરમાં બપોરનાં સમયે માત્ર ૬ મી.મી. વરસાદ વરસી ગયો હતો. થોડીવાર પડેલા વરસાદનાં કારણે શહેરનાં રાજમાર્ગો ઉપર પાણી વહી ગયા હતા. અમરેલી ફલડ કંટ્રોલ રૂમ ખાતે સાંજે ૮ વાગ્યા સુધીમાં વડિયામાં ૧૮ મી.મી. (૫૧૯), બાબરામાં ૫૫ મી.મી. (૩૧૫, લાઠીમાં ૧૪ મી.મી. (૩૧૭), અમરેલીમાં ૬ મી.મી. (૩૩૩) વરસાદ નોંધાયો હતો.

### ચેકડેમ, તળાવો, નદીઓમાં નવા નીરની ભરપુર આવક

# બાબરામાં મેઘરાજાની ધુંઆધાર બેટિંગ : ૪ કલાકમાં બે ઇંચ વરસાદ

### ચમારડી, દરેડ, ગળકોટડી સહિતના ગામોમાં પણ દે ધનાધન



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૭

બાબરા શહેર સહિત ગ્રામ્ય વિસ્તારોમાં સતત ધીમીધારે થોડો તેમજ વધુમાં વરસાદ છેલ્લા ચાર–પાંચ દિવસથી પડી રહ્યો છે, જેના કારણે ખેડૂતોમાં આનંદની લાગણી જોવા મળી રહી છે. સારા વરસાદથી ખેડુતો ખાતર સહિત અન્ય દવાઓ છાંટી રહ્યા છે. કપાસ સહિતના પાકો સારા થઈ રહ્યા છે પણ માથે વરસાદ પડવાથી ખાતરનું ધોવાણ થઈ રહ્યું છે અને પાક બળી જવાથી ખેડૂતોને ચિંતા થવા લાગી છે. ત્યારે ખેડૂતો દ્વારા થોડા દિવસ વરાપ નીકળે તેવી આશા રાખી રહ્યા છે.

બાબરામાં બપોર બાદ ચાર કલાકમાં બે ઈંચ વરસાદ પડતાં સર્વત્ર શહેરની બજારોમાં તેમજ વિસ્તારમાં પાણી ભરાવ થવા લાગ્યો હતો. ભારે ગરમી બાદ વરસાદ પડતાં વાતાવરણમાં પણ ઠંડક પ્રસરી ગઈ હતી જેથી લોકોએ રાહતનો ૩સ લીધો હતો.

ગ્રામ્ય વિસ્તારોમાં દરેડ, ચરખા વાવડી, ચમારડી, ગલકોટડી, વાંડળીયા, લુણકી સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં ધોધમાર વરસાદ પડતાં ખેતરોમાં પાણી ભરાય ગયા હતા અને ગામની સ્થાનીક નદીઓ વહેતી થઈ હતી.

### સીટી પોલીસનો સપાટો

# અમરેલીમાં જુગાર રમતાં ૭ પત્તાપ્રેમીઓની અટકાયત

### રૂપિયા ૬૬૨૦૦નો મુદ્દામાલ ઝડપાયો



અમરેલી, તા. ૭

અમરેલીના પોલીસ અધિક્ષક હિમકરસિંહએ જીલ્લામાંથી જુગારની બદી દૂર કરવા સારૂ સુચના આપેલ હોય. જે અન્વયે અમરેલી સીટી પોલીસ સ્ટેશનનાં પોલીસ ઈન્સ્પેકટર ડી.કે. વાઘેલાની રાહબરી સ્ટાફ અમરેલી ટાઉનમાં નાઈટ રાઉન્ડમાં પેટ્રોલીગમાં હતા તે દરમ્યાન અમરેલી, ડુબાણીયાપા પાસે જાહેરમાં સ્ટ્રીટ લાઈટના અંજવાળે સાત ઈસમો જુગાર રમતા હોય તે બાતમી આધારે રેઈડ કરી ઈકબાલભાઈ રહિમભાઈ સોલંકી, અબ્દુલ્લા કાદરભાઈ કુરેશી, મહમદભાઈ રજાકભાઈ કચરા,

અનુસંધાન પાના ૬ ઉપર

### પોલીસ અધિક્ષક હિમકરસિંહના માર્ગદર્શનતળે કાર્યવાહી

# ખાંભાના માલકનેશમાં ચોરી કરનાર આરોપીને ઉત્તરપ્રદેશથી ઝડપી લેવાયો

### પીએસઆઇ બરજોડે અને સ્ટાફની ઉમદા કામગીરી



અમરેલી, તા. ૭

ખાંભાના નવા માલકનેશ ગામે મોબાઈલ ચોરી તથા મોટર સાયકલ ચોરીના આરોપીને ઉત્તર પ્રદેશથી ખાંભા પોલીસે ઝડપી લીધેલ છે. આ કામે ફરીયાદી શૈલેષભાઈ દેવભાઈ રાઠોડ રહે. રાજુલા વાળાએ ગત તા.૨૬/૪ ના રોજ ફરીયાદ આપેલ કે, તેઓ નવા માલકનેશ ગામે તેમને રાખેલ કોન્ટ્રાકટરની સ્કુલમાં ન્હાવા માટે ગયેલ હતાં, તે વખતે તેમણે તેમનો મોબાઈલ ફોન જેની કિંમત રૂ.૧૧,૦૦૦ બહાર ખાટલા ઉપર રાખેલ હતો, તથા તેમની કોન્ટ્રાકટની સ્કુલમાં તેમની મોટર સાઈકલ જેમની કિંમત રૂ.૩૦,૦૦૦ ની પાર્ક કરેલ હતી, તે તથા મોબાઈલ ફોન આ કામના આરોપી વિકાસકુમાર તથા આરોપી અનીશભાઈ તથા આરોપી સુરજભાઈ રહે ત્રણેય ઉતર પ્રદેશ રાજય વાળાઓ ચોરી કરી લઈ લઈ ગયેલ હતા.

અમરેલી પોલીસ અધિક્ષક

અનુસંધાન પાના ૬ ઉપર

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...
ફુલ ગુજરાતી થાળી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ
અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પૂરી તકેદારી રાખવામાં આવે છે.
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી.
: હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ
ફેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.

પ્રવેશ કાર્ય શરૂ છે
આર્ટસ કોલેજનાં પ્રથમ વર્ષમાં પ્રવેશ કાર્ય શરૂ છે
DMLT માં પ્રવેશ કાર્ય શરૂ છે
કોન્ટેકટ નંબર : ૯૪૨૭૭૨ ૪૯૨૫૬ ■ ૯૯૨૫૬ ૯૦૦૫૫
જોઈએ છે
(૧) કમ્પ્યુટર ઓપરેટર - ૦૨
(૨) કલાર્ક - ૦૨
(3) લાયબ્રેરીયન - 01
શ્રી મુકેશ જાની આર્ટસ કોલેજ
જેશીંગપરા, રંગપુર રોડ, અમરેલી.

Since 1986
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
સમય અને સમજદારી બંને કિસ્મતવાળા લોકોને મળે છે. સમય પર સમજદારી નથી આવતી અને સમજાય ત્યારે સમય નીકળી જાય છે.
લાઇવ ૨૨ કેરેટ દાગીનાના ભાવ જાણવા મીસ કોલ કરો 95558 11166
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી Ph. No. (02792) 223770/226868

# ભરપુર વરસાદથી સિંહ પરિવાર ગેલમાં



અમરેલી જિલ્લાનાં ગીર વિસ્તાર તથા આજુબાજુના રેવેન્યુ વિસ્તારમાં સિંહ પરિવાર વસવાટ કરતો હોય અને સિંહ પરિવારનો દબદબો રહેતો હોય ત્યારે ઉનાળાની કાળઝાળ ગરમીની વિદાય થતાં અને ચોમાસામાં વરસાદી વાતાવરણ જામતા જંગલના રાજા કહેવાતા સિંહોને પણ ગરમીથી હાશકારો થયો હતો. ખાંભા ગીરના રેવન્યુ પંથકમાં વરસાદની મહેર થતાં વરસાદી પાણીના ખાબોચિયાં ભરાઈ જતા સિંહોને પીવાનાં પાણીની ચિંતાઓ થઈ દૂર થઈ હોય તેમ બૃહદ જંગલ વિસ્તારમાં વિહરતા ચાર સિંહો પાણીના ઝરણાં નજીક વિસામો લીધો હતો. ત્રણ પાઠડા સિંહો અને એક માતા સિંહણે વહેતા એક ઝરણા નજીક જોવા મળ્યા જયાં તેમણે વહેતા ઝરણાં–ખાબોચિયાંમાં સિંહોએ પોતાની તૃષા છીપાવતા હોય તેવા સમયે આ દ્રશ્ય વન્ય પ્રાણી પ્રેમીએ પોતાના મોબાઈલના કેમેરામાં થયા કેદ કરી લીધું હતું.

### થોડીવાર માટે શહેરીજનોમાં દોડધામ મચી

# સા.કુંડલામાં સરાજાહેર ધમાલ મચાવતાં ૨ યુવકોને પોલીસે ઝડપી લીધા

### પોલીસની કામગીરીની ભારે પ્રશંસા



સાવરકુંડલા, તા. ૭

સાવરકુંડલા ટાઉન પોલીસના બે જવાનોની હિમ્મત અને જાગૃતતાના કારણે જાહેરમાં છરીઓ કાઢી સુલેહ શાંતિનો ભંગ કરનાર બે શખ્સોને પકડી પાડતા લોકોએ હાશકારો અનુભવ્યો. સાવરકુંડલા શહેરમાં ટ્રાફિકથી ધમધમતા ગઢિયા

અનુસંધાન પાના ૬ ઉપર

### જાગૃત્ત એડવોકેટ દ્વારા ઉચ્ચકક્ષાએ રજૂઆત

# જાફરાબાદ પંથકમાં મહાશય પથ્થરોની ખુલ્લા ટ્રક દ્વારા થતી હેરફેર અટકાવો

### કોઈ મોટો અકસ્માત સર્જાય તે પહેલા કાર્યવાહી જરૂરી



તસ્વીર : ભરત બારૈયા–જાફરાબાદ

જાફરાબાદ, તા. ૭

જાફરાબાદ શહેરમાંથી બંદર ચોક વિસ્તારમાંથી પસાર થતા મહાકાય રાક્ષસી પથ્થરો ભરેલા ટ્રકો લાઈટ હાઉસ રોડ સુધી મહાકાય ટ્રકો ઓવરલોડીંગ મોટા મહાકાય પથ્થરો ભરીને ટ્રકોની સતત અવરજવર હોય છે. જેની અંદર કોઈ પણ પ્રકારની સેફટી રાખ્યા વગર ટ્રકોની અંદર ખુલ્લા રાક્ષસી કાળા પથ્થરો રાખી નાગરિકોની જીંદગી જોખમાય તેવી રીતે ટ્રકોની અંદર કાઈપણ બાંધ્યા વગર મોતનો પરવાનો મહાકાય પથ્થરો ભરીને પુરપાટ ઝડપે આ ટ્રકો જતા હોય છે. અને બંદર ચોકથી લાઈટ હાઉસ રોડ રહેણાંક વિસ્તારવાળો વિસ્તાર હોય. જેથી આ બાબતે અવાર–નવાર પોલીસને મૌખીક રજુઆત કરવા છતાં કોઈ પણ પ્રકારના પગલાં ન લેવાતાં એડવોકેટ આઈ.આઈ. ગાહા દ્વારા ટ્રક ચાલકો તેમજ તેના માલિકો ઉપર ટાઉન પોલીસ સ્ટેશનમાં તથા ઉચ્ચ કક્ષાએ લેખિત ફરિયાદમાં ખાણ અને ખનીજ અધિનિયમ ૧૯૫૭ મુજબ તથા આઈ.પી.સી કલમ ૨૭૯, ૩૭૯, વિગેરે તેમજ માઈન્સ એન્ડ મીનરલ્સ ની કલમ ૨૧, મુજબ ગુનો દાખલ કરવા માટે ની લેખિત ફરિયાદ તથા સદર ટ્રકો નંબર પ્લેટ વગરનાં ટ્રકો હોય છે. તેનું વિડિયો સુટીંગ તેમજ ફોટો પણ ફરિયાદી પાસે હોય તથા આ ટ્રકો આર.ટી.ઓ.ના નિયમોનું ભંગ કરી અને ચલાવે છે. તેમજ બંદચોકથી લાઈટ હાઉસ રોડ ખુબજ ગીચ રહેણાંકવાળો વિસ્તાર આવેલ છે અને

અનુસંધાન પાના ૬ ઉપર

નારી વુમન્સ & ચિલ્ડ્રન્સ હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
દુરબીનથી થતા ગર્ભાશય અને અંડાશયની ગાંઠના ઓપરેશનની સેવાઓ ઉપલબ્ધ...
ડૉ. ચિરાગ કુબાવત (M.B.D.G.O.)
Diploma in Gynec Endoscopy (FRANCE)
સ્ત્રીરોગ, પ્રસુતી તથા દુરબીનથી થતા ઓપરેશનના નિષ્ણાંત Mo. 9327361084
ડૉ. ઉપાસના સી. કુબાવત (M.B.D.C.H.)
નવજાત શિશુ તથા બાળરોગ નિષ્ણાંત Mo. 9723799091
ઉપલબ્ધ સુવિધાઓ...
● નોર્મલ/જોખમી સિઝેરીયન ડિલીવરી
● પેઈનલેસ (પીડા રહિત ડીલીવરી)
3D/4D કલર ડોપ્લર/ ખોડખાપણની સોનોગ્રાફી
● ટાંકાવાળુ, ટાંકાવગરનું તથા દુરબીનથી થતા ગર્ભાશયના ઓપરેશન ● વંધત્વની વૈજ્ઞાનિક/ આધુનીક સારવાર/IUI ● ૨૪ કલાક કાર્યરત
● લીફ્ટ, લેબોરેટરી, એમ્બ્યુલન્સની સુવિધા
ઉપલબ્ધ સુવિધાઓ...
● રસીકરણ કેન્દ્ર
● નવજાત શિશુ દાખલ કરવા અદ્યતન NICU
● આહાર સંબંધીત સમસ્યાઓ
● કુપોષણવાળા બાળકોની સર્વાંગી તપાસ સારવાર ● જન્મથી ૧૭ વર્ષ સુધીના બાળકોની તપાસ/સારવાર
ઓપીડી સમય સોમવાર થી શનિવાર સવારે ૯ થી ૨ સાંજે ૫ થી ૮
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)